પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૦૩-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# કાબુલમાં પાક.ના ભીષણ હવાઈ હુમલામાં ૪૦૦નાં મોત

## પાકિસ્તાને કાબુલની હોસ્પિટલ પર બોમ્બ ઝીંકતા ૨૫૦ લોકો ઘાયલ : સરહદ પર પણ સામ સામે ગોળીબારમાં ચારનાં મોત

કાબુલ, તા. ૧૭

થોડા દિવસના વિરામ બાદ ફરી એક વખત ભડકી ઉઠેલા પાકિસ્તાન-અફઘાનીસ્તાન યુદ્ધમાં પાકિસ્તાન હવાઈ દળે અફઘાન પાટનગર કાબુલ સહિતના ક્ષેત્રોમાં ભારે હવાઈ હુમલો કરતા ૪૦૦થી વધુ લોકોના મોત થતા અફઘાન ધુવાપુવા થઈ ગયુ છે.

પાક હવાઈદળે અફઘાનના સેના મથકોને નિશાન બનાવ્યાનો દાવો કર્યો છે પણ અફઘાન મીડીયાના જણાવ્યા મુજબ કાબુલની એક હોસ્પીટલ પર પણ બોમ્બ ઝીકાયા હતા. જેમાં મોટી ખુવારી થઈ છે અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

આ ઉપરાંત બન્ને દળો વચ્ચે સીમા પર પણ ગોળીબાર થયા હતા અને તેમાં અફઘાનના ચાર



લોકોના મોત થયા છે. પાક-અફઘાન વચ્ચે છેલ્લા ત્રણ સપ્તાહથી આ પ્રકારે યુદ્ધ ચાલુ છે. પાક સેનાએ કાબુલના નવમાં પોલીસ જીલ્લાના એક નશામુક્તિ કેન્દ્ર પર હુમલો કર્યો હતો જેમાં પણ મોટી ખુવારી થઈ છે.અફઘાન સરકારના પ્રવકતાએ આ પ્રકારના હુમલાને કાયરતાભર્યુ ગણાવતા કહ્યું કે નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી રહી છે. આ હુમલા બાદ કાબુલમાં અનેક ઈમારતો પર આગ-ધુમાડાના દ્રશ્યો જોવા મળ્યા છે અને અફઘાન પ્રવકતાએ જણાવ્યું કે પાક હુમલામાં પુરી હોસ્પીટલને નિશાન બનાવાઈ હતી અને અહી વ્યસન મુક્તિ કેન્દ્રના દર્દીઓમાં મોટી જાનહાની થઈ છે.

અફઘાનના ક્રિકેટર મોહમ્મદ નબીએ પણ હોસ્પીટલની ધ્વંશ થયેલી ઈમારતનો વિડીયો સોશ્યલ મીડીયામાં અપલોડ કર્યો હતો. એક તરફ રમઝાન માસના અંત પુર્વે અહી ધાર્મિક વાતાવરણ બન્યુ છે તે સમયે આ હુમલાની મોટી અસર જોવા મળી છે. જો કે પાકે એક વિડીયો જાહેર કરીને તેણે સૈન્ય મથકોને નિશાન બનાવ્યાનો દાવો કર્યો છે.



## હોસ્પિટલના કાટમાળ હેઠળની 30 મૃતદેહો બહાર કઢાયા

### કાબુલની હોસ્પિટલ પર રાત્રી સમયે બોમ્બ મારો

નવી દિલ્હી, અફઘાનિસ્તાન સરકારના ડેપ્યુટી પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે આ હુમલો સ્થાનિક સમય અનુસાર રાત્રે લગભગ ૯ વાગ્યે થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ હોસ્પિટલ ૨૦૦૦ બેડની છે. તેને ભારે નુકસાન થયું છે.મીડિયાની ટીમો જ્યારે ત્યાં પહોંચી ત્યારે હોસ્પિટલના કેટલાક ભાગોમાં ત્યારે પણ આગ લાગી હતી. લગભગ ૩૦થી વધુ મૃતદેહો સ્ટ્રેચર પર બહાર કાઢવામાં આવી રહ્યા હતા. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે ત્યાં ઘણા દર્દીઓ હતા, તેથી મૃતકો અને ઘાયલોની સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે.

## અફઘાન ક્રિકેટર રાશિદ ખાને UNની તપાસની માગણી કરી

અફઘાનિસ્તાનના ક્રિકેટર રાશિદ ખાને પાકિસ્તાની હુમલાઓની સખત નિંદા કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે કાબુલમાં તાજેતરમાં થયેલા હવાઈ હુમલાઓથી લોકો દુઃખી છે. આ હુમલાઓમાં ઘણા સામાન્ય લોકોના જીવ ગયા. કેટલાક હુમલા ઘરો, શાળાઓ અને હોસ્પિટલોની આસપાસ પણ થયા.સામાન્ય લોકોના વિસ્તારો પર હુમલો કરવો આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર યુદ્ધ અપરાધ માનવામાં આવે છે, ભલે તે જાણી જોઈને કરવામાં આવ્યો હોય કે ભૂલથી. ખાસ કરીને રમઝાનના પવિત્ર મહિના દરમિયાન આવી ઘટનાથી લોકોમાં વધુ દુઃખ અને ગુસ્સો છે.

લોકોએ સંયુક્ત રાષ્ટ્ર (UN) અને માનવાધિકાર સંગઠનો પાસે માંગ કરી છે કે આ મામલાની સંપૂર્ણ તપાસ કરવામાં આવે અને જે પણ જવાબદાર હોય તેને સજા કરવામાં આવે.

## બે દિવસમાં તેલ અને ગેસ સાથેના ત્રણ જહાજ મુંદ્રા, કંડલા બંદરે આવ્યા

### અખાતમાં હોર્મુઝ સ્ટ્રેટની પશ્ચીમે ભારતીય ધવજ સાથેના તમામ ૨૨ જહાજ સુરક્ષિત

અમદાવાદ, તા. ૧૭

મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધની કટોકટી વચ્ચે ગેસ-ક્રૂડ સાથેના ત્રણ જહાજો ગુજરાતના બંદર પર આવી પહોંચ્યા હતા. ૪૬૦૦૦ ટન એલપીજી સાથેનું શિવાલીક જહાજ ગઈકાલે મુંદ્રા પોર્ટ પર આવી પહોંચ્યા બાદ આજે ૪૬૦૦૦ ગેસ ભરેલું જહાજ 'નંદાદેવી'નું ૮૧૦૦૦ ટન ક્રૂડ સાથેનું 'જગ લાડકી' જહાજ મુંદ્રા પોર્ટ પર આવી પહોંચ્યું હતું.

આ બન્ને જહાજ સરકારી કંપની શીપીંગ કોર્પોરેશનની માલિકીના છે. ગેસ ક્રૂડનો નવો પુરવઠો મળતા ભારતમાં સપ્લાય વધુ સરળ બનવાનો આશાવાદ વ્યક્ત થઈ રહ્યો છે.કેન્દ્રના શીપીંગ મંત્રાલયના સ્પેશ્યલ સચિવ રાજેશકુમાર સિંહાએ કહ્યું હતું કે અખાતના દરિયામાં રહેલા ભારતના તમામ




જહાજો સુરક્ષિત છે. ભારતીય ધ્વજ સાથેના ૨૨ જહાજ અખાતના સ્ટ્રેટની પશ્ચિમે છે.સૂત્રોના કહેવા પ્રમાણે મુંદ્રા આવી પહોંચેલા શિવાલિક જહાજમાંથી ૨૦,૦૦૦ ટન ગેસ ઈન્ડિયન ઓઈલનો છે. બાકીના ૨૬૦૦૦ ટનનો જથ્થો મેંગ્લોર પોર્ટ પર અનલોડ થશે.નંદાદેવી જહાજમાંથી એલપીજી જામનગર નજીક વાડિનાર ખાતે બે નાના જહાજમાં ટ્રાન્સફર કરવામાં આવશે અને પછી જુદા-જુદા સ્થળોએ મોકલાશે.મુંદ્રામાં ગેસ સંગ્રહ માટે ખાસ સુવિધા છે. પાઈપલાઈન મારફત

અનુસંધાન પાના ૭ પર

## મધ્ય-પૂર્વ યુદ્ધમાં ભારતીય પેટ્રોલ કંપનીઓને ભારે ફટકો

### ૩૧ માર્ચ પછી સરકાર પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો ઝીંકે તેવી ભીતિ

નવી દિલ્હી, તા. ૧૭૨

ઈરાન યુધ્ધના કારણે ભારત સહિત દુનિયાભરના દેશોમાં ક્રુડ તેલ અને ગેસની સમસ્યાને કારણે અર્થતંત્ર પર ગંભીર અસર પડવાનું શરુ થઈ ગયું છે. ભારતીય રિફાઈનરીને ક્રુડ તેલની પડતરમાં ૯૩ ટકા જેવો ધરખમ વધારાનો સામનો કરવો પડી રહ્યો છે.ભારતીય ક્રુડ બાસ્કેટની કિંમત વધીને ૧૩૬.૫૬ ડોલર સુધી પહોંચી ગઈ છે જે યુધ્ધ શરુ થયું તે પૂર્વે (૨૬ ફેબ્રુઆરી) માત્ર ૭૦.૯ ડોલર હતી આ સંજોગોમાં ૩૧ માર્ચ બાદ ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે. ક્રુડ તેલની કિંમતમાં જોરદાર વધારાને કારણે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલીયમ, ભારત પેટ્રોલીયમ જેવી સરકારી ઉપરાંત રીલાયન્સ જેવી ખાનગી કંપનીઓના માર્જીન સંપૂર્ણપણે ધોવાઈ ગયા છે.

અમેરિકા સહિતના દેશોએ પેટ્રોલ-ડીઝલની કિંમત વધારી દીધી છે પરંતુ ભારતે હજુ તેમાં કોઈ ફેરફાર કર્યો ન હોવાથી વપરાશકારોને ઘણા અંશે રાહત છે પરંતુ પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ ન થવાના સંજોગોમાં ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

અનુસંધાન પાના ૭ પર

## મોતિહારીમાં એસટીએફ દ્વારા એન્કાઉન્ટરમાં બે ગુનેગારો ઠાર

### મધ્યરાત્રે ઓપરેશન એન્કાઉન્ટરમાં એક સુરક્ષા જવાનનું મોત

નવી દિલ્હી, તા. ૧૭

બિહારના મોતિહારીમાં સોમવારે રાત્રે ૨.૩૦ વાગ્યે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને ગુનેગારો વચ્ચે અથડામણ થઈ. આમાં STFએ બે બદમાશોને ઠાર કર્યા, જ્યારે એક જવાનનું મોત થયું.

અથડામણ ચકિયા પોલીસ સ્ટેશન વિસ્તારના રામડીહા ગામમાં થઈ છે. મૃતક જવાનની ઓળખ શ્રીરામ યાદવ તરીકે થઈ છે. માર્યા ગયેલા ગુનેગારો કુંદન ઠાકુર અને પ્રિયાંશુ દુબે છે. બંને ચકિયા પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી હતા. બંને સામે આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધાયેલા હતા.જણાવવામાં આવે છે કે કુંદન ઠાકુર અને પ્રિયાંશુ દુબેએ ચકિયા પોલીસ સ્ટેશનના અધિકારીને ફોન કરીને ધમકી આપી હતી. નેપાળના નંબર પરથી ફોન કરીને પોતાનું નામ જણાવતા કહ્યું, 'આ શું ચાલી રહ્યું છે સર... ન્યૂઝમાં જોયું છે કે પોલીસ અને ગુનેગાર વચ્ચેની અથડામણમાં એક બદમાશ ઘાયલ, ખબર છે આગામી ન્યૂઝ શું હશે સર?ગુનેગાર અને પોલીસ વચ્ચેની અથડામણમાં ૧૦ થી ૧૫ પોલીસકર્મીઓના મોત, ગુનેગાર ફરાર. ગુંડાગીરી શું હોય છે, તમને અને આખા શહેરને બતાવીશું.'ત્યારબાદ પોલીસ ટીમે કોલ ટ્રેસ કરવાનું શરૂ કર્યું. પોલીસને ફોન કરનારાઓની લોકેશન મળી ગયું. પોલીસની ટીમ અને STF લોકેશન પર પહોંચી અને બદમાશોને ઘેરી લીધા. પોતાને ઘેરાયેલા જોઈને કુંદન ઠાકુર અને પ્રિયાંશુ દુબેએ ફોર્સ પર ફાયરિંગ કરવાનું શરૂ કર્યું.


પોલીસે પણ જવાબી કાર્યવાહી કરતા ગોળીબાર કર્યો, બંને તરફથી થોડા સમય સુધી ગોળીબાર ચાલુ રહ્યો. ત્યારબાદ કુંદન અને પ્રિયાંશુનું મોત થયું. જોકે, તેના કેટલાક સાથીઓ ફરાર થઈ ગયા.એન્કાઉન્ટર બાદ DIGથી લઈને SP સુધીના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને ધડાધડ દરોડા પાડવામાં આવી રહ્યા છે. પોલીસ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

## અમેરિકાના પૂર્વીય રાજ્યોમાં વાતાવરણ પલ્ટો તોફાની પવન સાથે વરસાદ અને હિમવર્ષા

### એક હજારથી વધુ ફલાઈટ કેન્સલ: કાતીલ ઠંડીને પગલે રસ્તા સુમસામ

નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકાના પૂર્વીય રાજ્યોમાં વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે અનેક ભાગોમાં તોફાની પવન સાથે હિમવર્ષા તેમજ વરસાદ થવાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. માત્ર શિકાગોમાં જ રવિવારે ભારે હિમવર્ષાને કારણે એક હજારથી વધુ ફ્લાઈટ્સ કેન્સલ થઈ હતી અને શહેરના રસ્તા સૂમસામ બની ગયા હતા.નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર મિડ એટલાન્ટિક સ્ટેટ્સ અને વોશિંગ્ટન ડીસીમાં તોફાની પવનની સાથે ચક્રવાતનું સૌથી વધુ જોખમ હતું અને મંગળવાર સુધીમાં કોલ્ડવેવ ઈસ્ટ કોસ્ટને પાર કરી લેશે જેનાથી તમામ પ્રભાવિત વિસ્તારોમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળશે.નેશનલ વેધર એજન્સીની આગાહી અનુસાર સાઉથ કેરોલાઈનાથી મેરીલેન્ડ સુધીના પટ્ટામાં સોમવાર બપોર સુધીમાં તોફાની પવન ફુંકાઈ શકે છે, ખાસ



કરીને નોર્થ કેરોલાઈના, રિચમંડ, વર્જિનિયા અને વોશિંગ્ટન ડીસીમાં તેની સૌથી વધુ અસર જોવા મળશે.તેના કારણે નોર્થ કેરોલાઈનાના રોલી અને ચેપલ હિલમાં સોમવારે સ્કૂલોબંધ રાખવામાં આવી છે તેમજ ગવર્નરે લોકોને પોતાના ફોનમાં ઈમરજન્સી એલર્ટ્સ એનેબલ રાખવા માટે જણાવ્યું છે, આ વિસ્તારોમાં ૭૪ માઈલ પ્રતિ કલાકની ઝડપ સુધી પવન

અનુસંધાન પાના ૭ પર

### મનાલીમાં બે ઇંચ હિમવર્ષા : પહાડો પરના માર્ગો જોખમી

નવી દિલ્હી, તા. ૧૭

હિમાચલ પ્રદેશના પર્યટન નગર મનાલીમાં ગઈ રાત્રે ફ્રેશ સ્નોફોલ થયો. મનાલી શહેરમાં ૨" (ઇંચ), મનાલીના ઊંચા પહાડો પર ૫", અટલ ટનલ રોહતાંગમાં ૮", રોહતાંગ પાસ અને શિંકુલામાં દોઢ ફૂટથી વધુ ફ્રેશ સ્નોફોલ થયો. બરફવર્ષા પછી પહાડો પરના રસ્તાઓ જોખમી બની ગયા છે.બરફ જામી ગયા પછી વાહનો લપસવાથી અકસ્માતો થઈ રહ્યા છે. આને ધ્યાનમાં રાખીને, પ્રવાસીઓ સહિત સ્થાનિક લોકોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની સલાહ આપવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલા વરસાદ-બરફવર્ષા પછી તાપમાનમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે. પહાડો પર આનાથી માર્ચમાં જાન્યુઆરી જેવી ઠંડી પાછી ફરી છે.

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધના કારણે પર્શિયન ગલ્ફ સમુદ્રમાં ૫૦૦થી ૭૦૦ જેટલા જહાજો ફસાયા

### દરિયામાંથી કુલ્લુના કેપ્ટન રમણ કપુરે બે હજાર જેટલા ભારતીય નાવિકો સમુદ્રમાં ભયભીત હોવાનો વિડીયો સંદેશો મોકલ્યો

નવી દિલ્હી, તા. ૧૭

ખાડી દેશના 'પર્શિયન ગલ્ફ'માં ફસાયેલા હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના કેપ્ટન રમણ કપૂરે એક વીડિયો જાહેર કરીને કહ્યું કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધના કારણે ૨૦ હજાર નાવિકોમાં ભયનો માહોલ છે. આમાં લગભગ ૨૦૦૦ ભારતીય નાવિકો છે. તેમણે કહ્યું કે ખાડી દેશોમાં યુદ્ધના કારણે ૫૦૦ થી ૭૦૦ દરિયાઈ જહાજો સમુદ્રમાં ફસાયેલા છે.કેપ્ટન રમણે કહ્યું કે કોઈપણ શિપ પર ક્યારેય પણ હુમલો થઈ રહ્યો છે. ખાસ કરીને તે શિપ પર, જેમનો કોઈ પણ લિંક અમેરિકા અને ઈઝરાયલ સાથે છે, જો તેઓ મુવમેન્ટ શરૂ કરે છે. તેમણે કહ્યું કે ઈરાન ઈચ્છે છે કે પર્શિયન ગલ્ફમાંથી (ભારત અને ચીનને છોડીને) અન્ય દેશોના કોઈ પણ ઓઈલ ટેન્કર બહાર ન જાય.કેપ્ટન રમણે કહ્યું કે અમારુ જહાજ પર્શિયન ગલ્ફમાં ફસાયેલું છે. તેઓ થોડા દિવસ પહેલા જ ઈરાકથી કાર્ગો લોડ કરીને આવ્યા છે. તેમની સ્થિતિ એવી છે કે તેઓ ન તો બહાર જઈ શકે છે અને ન તો રહી શકે છે. તેમની પાસે

અનુસંધાન પાના ૭ પર

### ઈરાકમાં અમેરિકી દૂતાવાસ પર ઈરાનનો ડ્રોન હુમલો

નવી દિલ્હી, તા. ૧૭

ઈરાકની રાજધાની બગદાદમાં આવેલા અમેરિકી દૂતાવાસ પર ડ્રોન અને રોકેટથી હુમલો કરવામાં આવ્યો છે. હુમલાના લગભગ છ કલાક પહેલા જ દૂતાવાસે ઈરાકમાં રહેતા અમેરિકી નાગરિકો માટે સુરક્ષા ચેતવણી જાહેર કરી હતી.

આ દરમિયાન ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે ઈરાનની રાજધાની તેહરાનમાં મોટા પાયે હવાઈ હુમલો કર્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેહરાનના ઉત્તરીય વિસ્તારમાં ઘણા જોરદાર વિસ્ફોટોનો અવાજ

અનુસંધાન પાના ૭ પર

## ઉનાકાંડમાં પાંચ દોષિતોને પાંચ વર્ષની કેદ

અમદાવાદ, તા. ૧૭

ગીર સોમનાથ જિલ્લાના મોટા સમઢિયાળા ગામે વર્ષ ૨૦૧૬માં દલિત યુવાનોને ગાયનું ચામડું ઉતારવા બાબતે જાહેરમાં અર્ધનગ્ન કરી બેરહેમીથી માર મારવાના ચકચારી 'ઉના કાંડ'માં ૧૦ વર્ષ બાદ ન્યાયનો ચુકાદો (આશરે ૩૪૦ પેજ) આવ્યો છે.વેરાવળ સેશન્સ કોર્ટે આ કેસના મુખ્ય ૫ આરોપી રમેશ જાદવ, રાકેશ જોશી, પ્રમોદ ગૌસ્વામી, નાગજી ડાયા અને બળવંત ગૌસ્વામીને પૂર્વનિયોજિત હુમલો અને અત્યાચાર ગુજારવા બદલ દોષિત ઠેરવ્યા છે, ત્યારે વેરાવળ સેશન્સ જજ પંડ્યા દ્વારા ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે.ગીર સોમનાથ જિલ્લાના બહુચર્ચિત ઉના કાંડ મામલે વેરાવળ સ્થિત સેશન્સ કોર્ટ દ્વારા આજે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવવામાં આવ્યો છે. આ કેસમાં સેશન્સ જજ પંડ્યાએ પાંચેય દોષિતોને વિવિધ કલમો હેઠળ સજા ફટકારી છે, જેને લઈ સમગ્ર જિલ્લામાં ચર્ચાનો માહોલ ગરમાયો છે.કોર્ટ દ્વારા આપવામાં આવેલી સજા મુજબ, એટ્રોસિટી એક્ટ હેઠળ તમામ આરોપીઓને ૫ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. સાથે જ IPC કલમ ૫૨૩ અને

અનુસંધાન પાના ૭ પર

# મંદરોઈ ગામે પરવળનાં માંડવામાં ઝેરી દવા છાંટતા ખેડૂતને આર્થિક નુકસાન

## શાકભાજી પકવતા ખેડૂતનો પરવળનો પાક ચાલુ થતા જ નુકસાની કૃત્ય મામલે પોલીસ ફરીયાદ



સુરત, તા.૧૭

ઓલપાડ તાલુકા ના કાંઠા વિસ્તારનાં મંદરોઈ ગામે શાકભાજી પકવતા એક ખેડૂતનાં પરવળનાં માંડવાનાં વેલા ઉપર કોઈ હરામખોરે ઝેરી દવા છાંટતા ખેડૂતને આર્થિક નુકસાન થયું છે.જેના પગલે ભોગ બનનાર ખેડૂતે નુકસાની કૃત્ય મામલે ઓલપાડ પોલીસ મથકનાં દ્વાર ખખડાવ્યા છે.

ઓલપાડ તાલુકાનાં દરિયાઈ કાંઠાનાં મંદરોઈ ગામે અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ નામના ખેડૂત સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગમાં નોકરી સાથે પિતાની મદદથી શાકભાજી ની ખેતી કરે છે.તેઓ વર્ષોથી પરવળની ખેતી કરતા હોવાથી તેમણે ગામની સીમમાં પોતાના ખેતરની બાજુનાં ખેડૂત જગદીશભાઈની સર્વે નંબર-૨૩૪ પૈકી ૨ વાળી ખેતીલાયક જમીન ગત વર્ષે ગણોતથી રાખેલ હતી.આ જમીનમાં તેમણે ૭ મહિના પૂર્વે ગત સપ્ટેમ્બરમાં પરવળની રોપણી કર્યા બાદ વેલા પરિપક્વ થતા તેમણે નવા લાકડા-તાર ખરીદી ખેતરમાં માંડવો પાડી પરવળનાં વેલા ચઢાવી માવજત શરૂ કરી હતી.જેનો અંદાજીત ખર્ચ રૂપિયા દોઢ લાખ થયો હતો.હાલમાં પરવળનાં પાકનું ઉત્પાદન શરૂ થતા છેલ્લા પાંચમા વારે તેમણે ૧૭ મણ પરવળ વીણી પ્રતિ મણ દીઠ રૂ.૧૨૦૦ નાં ભાવથી સુરત શાકભાજી માર્કેટમાં પહોંચાડી રહ્યા હતાં.ભોગ બનનાર ખેડૂતનાં કહેવા મુજબ ઉનાળાની ગરમીમાં પરવળનું મબલખ ઉત્પાદન મળી છે.જેથી આવનારા દિવસોમાં બે વિંઘાનાં માંડવામાંથી ૩૫ થી ૪૯ મણ પરવળ નીકળવાની શક્યતા રહેલી હતી અને શાકભાજીની અછત વચ્ચે પરવળનો સારો ભાવ મળે તેમ હતો.પરંતુ હું માંડ-માંડ ખર્ચ સરભર કરૂ તે પહેલા કોઈ હરામખોર ઈસમથી મારી આર્થિક ઉન્નતિ સહન થઈ ન હતી.જેથી આ શખ્સે ગત તા.૦૮ મી માર્ચનાં રોજ રાત્રે કે મોડી સાંજનાં સુમારે પરવળનાં આખા માંડવામાં ફરી વેલા, પાંદડા અને છોડનાં મૂળમાં

અનુસંધાન પાના ૭ પર

# માંડવી રિવરફ્રન્ટ ખાતે તાલુકા યોગ શિબિર યોજાઈ

સુરત, તા.૧૭

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી માંડવીના રિવરફ્રન્ટ ખાતે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત તાલુકા યોગ શિબિર યોજાઈ હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા અને સાથે પ્રિતેશભાઈ રાવલ માંડવી નગર સંગઠન પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. પ્રભુભાઈ વસાવાએ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની કામગીરીની પ્રશંસા કરી માંડવીને યોગમય બનાવી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન માંડવી તાલુકા યોગ કોચ કમલેશભાઈ ચૌધરી અને અંજલિબેન વાંકડાએ કર્યું હતું. ઝોન કોર્ડીનેટર ડો.પારૂલ પટેલ અને નવનીતભાઈ શેલડીયાએ ૫૦૦ થી વધુ નગરજનોને યોગાભ્યાસ કરાવ્યો હતો.

# સ્કેટના વિદ્યાર્થીઓ ઈન્ફોશીપ પ્રા.લી.ની ઔદ્યોગિક મુલાકાતે



## વિદ્યાર્થીઓએ ઈલેક્ટ્રીક્સ અને આઈટી ઉદ્યોગની કામગીરીનું નિરીક્ષણ કર્યું

સુરત, તા.૧૭

સાર્વજનિક યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (SCET)નાં MCA વિભાગ દ્વારા ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ અમદાવાદ સ્થિત eInfochips Pvt. Ltd. ખાતે MCA સેમેસ્ટર–૨ ના વિદ્યાર્થીઓ માટે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રોનિક્સ અને IT ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતી નવીન તકનીકોનો વ્યવહારુ પરિચય કરાવવાનો હતો. મુલાકાત દરમિયાન કંપનીના નિષ્ણાતોએ સેમિકન્ડક્ટર ચિપ્સ અને Internet of Things (IoT) આધારિત અદ્યતન ઉપકરણો વિશે વિગતવાર માહિતી આપી. વિદ્યાર્થીઓએ સ્માર્ટ ફેસ રેકગ્નિશન સિસ્ટમ, ૩૬૦-ડિગ્રી રોટેશનવાળો મેગ્નેટિક કેમેરા, બ્લેક બોક્સ સ્ટોરેજ ડિવાઈસ, પોર્ટેબલ હેલ્થકેર ડિવાઈસ, સ્માર્ટ સેન્સર આધારિત લોક સિસ્ટમ, સ્માર્ટ ડોક્ટર પોર્ટેબલ ડિવાઈસ અને ગુણવત્તા પરીક્ષણ માટેના ઉપકરણો જેવા વિવિધ નવીન ઉત્પાદનોનું પ્રદર્શન નિહાળ્યું. ઉપરાંત, 3-D વિઝ્યુલાઈઝેશન જનરેટ કરવા માટે ઉપયોગમાં લેવાતી ન્ઈઢ લાઈટ અને ચિપ આધારિત ઉપકરણોનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું, જેના દ્વારા વિદ્યાર્થીઓને એમ્બેડેડ સિસ્ટમ્સ અને સ્માર્ટ ટેકનોલોજીના પ્રાયોગિક ઉપયોગ અંગે સમજ મળી. આ પ્રસંગે eInfochips Pvt. Ltd. ના PES ડિરેક્ટર દ્વારા એક માર્ગદર્શક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓને ઔદ્યોગિક કાર્યપદ્ધતિ, વ્યાવસાયિક વાતાવરણ તથા ટેકનોલોજી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે જરૂરી ટેકનિકલ અને સોફ્ટ સ્કિલ્સ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઔદ્યોગિક મુલાકાત અને સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગની નવીનતમ તકનીકોનો વ્યવહારુ પરિચય કરાવવાનો કોલેજનો મુખ્ય ઉદ્દેશ સફળતાપૂર્વક પૂર્ણ થયો. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ અનુભવથી મહત્વપૂર્ણ પ્રાયોગિક અને વ્યાવસાયિક સમજ પ્રાપ્ત કરી.

# ચેમ્બરના ઇન્ટરનેશનલ ઓટો એક્ષ્પોનું જબરજસ્ત પ્રતિસાદ સાથે સમાપન થયું

## સામાન્ય રીતે છ મહિનામાં જેટલી ઇન્કવાયરી અને બિઝનેસ જનરેટ થાય છે એટલો બિઝનેસ એકિઝબિટર્સને માત્ર ચાર દિવસના ઓટો એક્ષ્પોમાં મળી ગયો



સુરત, તા.૧૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧૩થી ૧૬ માર્ચ, ૨૦૨૬ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક સુધી આયોજિત સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પોનું સોમવારે જબરજસ્ત પ્રતિસાદની સાથે સફળતાપૂર્વક સમાપન થયું હતું. ચાર દિવસ સુધી ચાલેલા આ ઓટો એક્ષ્પોને સુરત શહેર તથા આસપાસના વિસ્તારોના લોકો તરફથી અત્યંત ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઓટો એક્ષ્પોમાં ખાસ કરીને કાર સેગમેન્ટને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. વિવિધ કાર ઉત્પાદક કંપનીઓના એકિઝબિટર્સને મોટી સંખ્યામાં જેન્યુન ઈન્કવાયરી પ્રાપ્ત થઈ હતી. અનેક મુલાકાતીઓએ નવી કાર ખરીદવા માટે રસ દાખવી વિગતવાર માહિતી મેળવી હતી, જેના કારણે એકિઝબિટર્સમાં ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો. ટુ વ્હીલર સેગમેન્ટમાં પણ જબરજસ્ત પ્રતિસાદ જોવા મળ્યો હતો. કેટલીક કંપનીઓના સ્ટોલ પર ડિસ્પ્લે માટે મૂકવામાં આવેલા ટુ વ્હીલર વાહનો પણ સ્થળ પર જ વેચાઈ ગયા હતા. ઘણા મુલાકાતીઓએ પોતાની પસંદગીના વાહનો માટે એડવાન્સ ચેક આપી સ્પોર્ટ પર બુકિંગ પણ કરાવ્યું હતું, જે એક્ષ્પોની લોકપ્રિયતાનો પુરાવો આપે છે. ઓટો એક્ષ્પોને મળેલા જબરજસ્ત પ્રતિસાદને પગલે ડીલરો અને સ્ટોલ હોલ્ડરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. એકિઝબિટર્સના જણાવ્યા મુજબ સામાન્ય રીતે છ મહિનામાં જેટલી ઈન્કવાયરી અને બિઝનેસ જનરેટ થાય છે એટલો બિઝનેસ તેઓને માત્ર ચાર દિવસના ઓટો એક્ષ્પોમાં જ મળી ગયો હતો. મોટી સંખ્યામાં આવેલા મુલાકાતીઓના કારણે ઘણી કંપનીઓને નોંધપાત્ર ઈન્કવાયરી અને બુકિંગ પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત એક દિવસમાં સૌથી વધુ મુલાકાતીઓએ જીપના પ્રુવીંગ ગ્રાઉન્ડ પર સાહસિક ડ્રાઈવિંગનો અનુભવ લીધો હતો, જે સમગ્ર ભારતમાં સૌથી વધુ

અનુસંધાન પાના ૭ પર



# પ્રાઇમરી હેલ્થ વર્કરોની પોસ્ટ બદલી દેવાતા કર્મીઓનો વિરોધ

સુરત, તા.૧૭

આજરોજ તારીખ ૧૬/૦૩/૨૬ સોમવાર ના રોજ સિંગાપુરી વાડી રુસ્તમ પૂરા ખાતે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન હેલ્થ એમ્પ્લોઈઝ યુનિયન ના નેજા હેઠળ પ્રાયમરી હેલ્થ વર્કર અને પ્રાયમરી હેલ્થ સુપરવાઈઝર ની પોસ્ટ કે જેઓ ને અચાનક પ્રાઈમરી હેલ્થ વર્કર ની પોસ્ટ બદલી MPHW/MPHS ની પોસ્ટ માં તબદીલ કરી તમામ PHW/PHS ને હેલ્થ સેન્ટર પર બદલી કરવા ની નોંધ મૂકવામાં આવી છે એના વિરોધ માં મોટી સંખ્યામાં પ્રાયમરી હેલ્થ વર્કર અને પ્રાયમરી હેલ્થ સુપરવાઈઝર હાજર રહી ઉપરી અધિકારીઓ દ્વારા મનસ્વી પણે જે નિર્ણય લેવામાં આવ્યો છે એનો સખત વિરોધ કરવામાં આવ્યો અને આવેલ પ્રશ્નો નું સુખદ નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં આક્રમક પગલાં ભરવા પ્રમુખશ્રી તરફ થી આહવાન કરવામાં આવ્યું હતું.

# ગરીબ લોકોના ઘરે-ઘરે રમઝાન કીટનું વિતરણ



સુરત, તા.૧૭

ખિદમત-એ-બશર ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ દ્વારા તાઃ ૧૫/૦૩/૨૦૨૬ રવિવાર ના રોજ સવારે ૯:૦૦ થી ૨:૦૦ નાનપુરા ખ્વાજાદાના દરગાહ ની પાસે ગરીબ,મિસ્કીન અને નાના બાળકોને રેડીમેટ કાપડના ડ્રેસ ઘર ઘર જઈને સર્વે કરીને વિતરણ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને એકતા યુવક મંડળના પ્રમુખ શ્રી જબ્બારખાન પઠાણ હાજર રહ્યા હતા. મોલાના હસન,હાફિઝ સાહબાઝ, ખિદમત-એ-બશર ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલના પ્રમુખ મૌલી અસગર સાહેબ ને તેમની ટીમે આ કાર્યક્રમમાં ઘરે ઘરે જઈને કાપડના ડ્રેસ પહોંચાડવામાં સારી કામગીરી બજાવી હતી. તે તસવીરમાં નજરે પડે છે.

# બિલીમોરામાં રોડ નિર્માણમાં ભ્રષ્ટાચાર પુરવાર છતા જવાબદારોને ક્લીનચીટ

## ભ્રષ્ટાચારમાં લિપ્ત કારભારીઓ સામે કાર્યવાહી કરવા દર્શન નાયકની મુખ્યમંત્રીને ફરિયાદ

સુરત, તા.૧૭

હાલમાં ચોમાસા દરમિયાન જનતામાં ઉઠેલી રોડ-રસ્તા અને તેની ગુણવત્તા અંગેની તપાસ માટે મુખ્યમંત્રી કક્ષાએ રચાયેલ હાઈ-લેવલ કમિટીના રિપોર્ટમાં બીલીમોરા નગરપાલિકામાં સાબિત થયેલ ભ્રષ્ટાચાર અંગે વિભાગીય હુકમની અમલવારી ન થવા અને ભ્રષ્ટ અધિકારીઓને ક્લીન ચીટ આપવા બાબતે તાત્કાલિક તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવા બાબતે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રી સમક્ષ કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, આપના નેતૃત્વ હેઠળ અને આપના જ આદેશથી હાલમાં ચોમાસા દરમ્યાન જનતામાં ઊઠેલી રોડ-રસ્તા તથા તેની ગુણવત્તા અંગેની તપાસ માટે મુખ્યમંત્રી કક્ષાએ હાઈ-લેવલ કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં સંબંધિત ઈમ્પ્લિમેન્ટેશન એજન્સીઓ તથા વિભાગોને ખાસ ટીમ બનાવીને જે તે નગરપાલિકામાં રોડ-રસ્તાની ગુણવત્તા ચકાસણી માટે સ્થળ પર જ સેમ્પલિંગ કરીને વિગતવાર રિપોર્ટ આપવા સૂચના આપવામાં આવી હતી.

ઉક્ત કમિટીના રિપોર્ટમાં ગુજરાતની અનેક નગરપાલિકાઓ પૈકી બીલીમોરા નગરપાલિકામાં વ્યાપક ભ્રષ્ટાચાર સાબિત થયો હતો. આ ભ્રષ્ટાચારમાં સામેલ એન્જિનિયરો તથા અન્ય અધિકારી-કર્મચારીઓ વિરુદ્ધ ખાતાકીય પગલાં લેવા માટે સંબંધિત વિભાગે સ્પષ્ટ હુકમ કર્યો હતો. આ હુકમની અમલવારી કરવાની જવાબદારી કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી, સુરતને સોંપવામાં આવી હતી.

પરંતુ વિભાગના સચિવ કક્ષાના અધિકારીના આદેશ હોવા છતાં આજ દિન સુધી કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી, સુરત દ્વારા કોઈ પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. તદ્ઉપરાંત, ઉપરથી તમામ ભ્રષ્ટ એન્જિનિયરોને ક્લીન ચીટ આપી દેવામાં આવી છે. આવી કાર્યવાહી જનતાના હિતમાં નથી અને આપના સરકારી આદેશોનું ખુલ્લું ઉલ્લંઘન છે. આ બાબતે આપના સ્તરે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને નીચેની માંગણીઓ પૂરી કરવા આપને વિનંતી કરું છું: હાલમાં ચોમાસા દરમ્યાન જનતામાં ઊઠેલી રોડ-રસ્તા તથા તેની ગુણવત્તા અંગે બીલીમોરા નગરપાલિકામાં સાબિત થયેલ ભ્રષ્ટાચારની તત્કાલ સ્વતંત્ર તપાસ કરાવવામાં આવે. બીલીમોરા નગરપાલિકાનાં સંબંધિત એન્જિનિયરો તથા અધિકારી-કર્મચારીઓ વિરુદ્ધ તાત્કાલિક ખાતાકીય તેમજ કાયદાકીય કાર્યવાહી કરાવવા આદેશ આપવામાં આવે. હાલમાં ચોમાસા દરમ્યાન જનતામાં ઊઠેલી રોડ-રસ્તા તથા તેની ગુણવત્તા અંગે આપની કક્ષાએથી સોંપાયેલી તપાસની પોતાની જવાબદારીમાં બેદરકારી દાખવનાર કમિશનર ઓફ

અનુસંધાન પાના ૭ પર

# તા.૨૮ માર્ચે ગાંધીધામમાં ૧૦૦૮ કુંડી વિશ્વશાંતિ વૈદિક મહાયજ્ઞ

## સદ્ગુરુ સદાફલ દેવ વિહંગમ યોગ દ્વારા મહાયજ્ઞ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર આહવાન

ગાંધીધામ, તા.૧૭

ગાંધીધામના દીન દયાલ પોર્ટ ગ્રાઉન્ડ ખાતે આગામી તારીખ ૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ વિશ્વ કલ્યાણના હેતુથી એક ભવ્ય ૧૦૦૮ કુંડી વિશ્વશાંતિ વૈદિક મહાયજ્ઞ અને વિહંગમ યોગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સદગુરુ સદાફલદેવ વિહંગમ યોગ સંસ્થાન (વારાણસી) અને અગ્રવાલ સમાજ-ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે ગઈકાલે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

અગ્રવાલ સમાજ ભવન મધ્યે આયોજિત આ બેઠકમાં મુખ્ય આયોજક ધવલ આચાર્ય, સુરેશ ગુપ્તા અને સમીર ગર્ગની આગેવાની હેઠળ તમામ સહયોગી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાયજ્ઞને ભવ્ય રીતે સફળ બનાવવા માટેના આયોજન અને રણનીતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં ખાસ કરીને વારાણસીથી પધારેલા સંત કિશનલાલ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહાયજ્ઞનું મહત્વ સમજાવી આશીર્વચન આપ્યા હતા. આ યજ્ઞ વારાણસીના વિશાળ સાધના કેન્દ્ર સ્વર્વેદ મહામંદિર ધામ (ઉમરહા)ના સહયોગથી યોજાઈ રહ્યો છે. સંસ્થા દ્વારા ગાંધીધામ અને સમગ્ર કચ્છની ધર્મપ્રેમી જનતાને આ મહાયજ્ઞમાં આહુતિ આપી પુણ્યનું ભાથું બાંધવા અને યોગદાન આપવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# ઉદ્યોગો માટે યોગ્ય ફાયર વીમા સુરક્ષા હિતાવહ છે : આશિષ ડામોર

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'રિસ્ક મેનેજમેન્ટ ૩૬૦ : ફાયર, સાયબર એન્ડ બિયોન્ડ' વિષે અવેરનેસ સેશન યોજાયું

સુરત, તા.૧૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને બદલાતી જોખમભરી પરિસ્થિતિઓમાં યોગ્ય સુરક્ષા અને ઈન્સ્યુરન્સ કવરેજ અંગે જાગૃત બનાવવાના હેતુથી શુક્રવાર, તા. ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'રિસ્ક મેનેજમેન્ટ ૩૬૦ : ફાયર, સાયબર એન્ડ બિયોન્ડ' વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં ઉદ્યોગો માટે ફાયર, સાયબર તથા અન્ય જોખમો સામે યોગ્ય ઈન્સ્યુરન્સ કવરેજ હોવું ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે. ઉદ્યોગ સાહસિકો પાસે ઘણીવાર પોલિસી અને ક્લેઈમ પ્રક્રિયા અંગે પૂરતી માહિતી ન હોવાને કારણે મુશ્કેલીઓ ઊભી થતી હોય છે, આથી ચેમ્બર આવા કાર્યક્રમો દ્વારા ઉદ્યોગોને માર્ગદર્શન આપવા માટે સતત પ્રયત્નશીલ છે.

યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ (રિજીયોનલ ઓફિસ, વડોદરા)ના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી આશિષ ડામોરે વિવિધ ફાયર પોલિસીઝ, કવરેજ અને ક્લેઈમ્સની પ્રક્રિયાઓ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગોમાં આગ જેવી દુર્ઘટનાઓથી મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન

અનુસંધાન પાના ૭ પર



# શિક્ષીકા કૈલાશબેન લાડને 'શિક્ષક દેવો ભવઃ' એવોર્ડ

સુરત, તા.૧૭

શ્રી પુરુષોત્તમજી પ્રાથમિક શાળા ક્રમાંક- ૩૦૧, પીએમશ્રી - ગુજરાતમાં ઉચ્ચ શિક્ષક તરીકે ફરજ બજાવી રહેલા કૈલાસબેન જીતેન્દ્રકુમાર લાડ જેઓ ઉત્કૃષ્ટ અને અવર્ણનીય કામગીરી, દરેક પ્રવૃત્તિમાં રસ ધરાવનાર , પ્રતિભાશાળી એવોર્ડ થી સન્માનિત થયેલા એવા વંદનીય શિક્ષકશ્રીનું શાળાપરિવાર અને બાળકોની હાજરીમાં રોટરી ક્લબ ઓફ ધ સુરત, શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ તરફથી "શિક્ષક દેવો ભવઃ" નો એવોર્ડ તારીખ - ૧૩/૦૩/૨૦૨૬ ના શુક્રવારના રોજ એનાયત કરવામાં આવ્યો હતો.




# અંકલેશ્વરની શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં ગ્રેજ્યુએશન ડેની ભવ્ય ઉજવણી

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વરની શ્રી ગટ્ટુ વિદ્યાલય (CBSE) વિભાગમાં ૧૬ માર્ચ ના રોજ ગ્રેજ્યુએશન ડે કાર્યક્રમની ખૂબ જ આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી . શાળાના કોર્ડિનેટર શ્રીમતી શાલુ પારીખ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. શાળાના કેમ્પસ ડાયરેક્ટર તેમજ આચાર્યા શ્રીમતી મિશેલ ગણેશાણીએ બાળકોને અભિનંદન આપ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં મહેનત,શિસ્ત અને સંસ્કાર સાથે આગળ વધવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ ,વાલીઓ ,અને શિક્ષકોએ હાજરી આપી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. આ પ્રસંગે સિનિયર કે. જી. ના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ક્ષણ બાળકો અને તેમના વાલીઓ માટે ગૌરવપૂર્ણ અને ભાવુક બની રહી હતી. ત્યારબાદ કાર્યક્રમના અંતે શાળાના ઉપચાર્યા શ્રીમતી સુચિતા રૉય દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયો હતો.

# ખાટીવાલા વિદ્યા સંકુલ ખાતે અંગ્રેજી માધ્યમમાં કોન્વોકેશન ડે ની ઉજવણી




સુરત, તા.૧૭

સુરત ના ડુમ્મસ રોડ રુંઢ માં આવેલ પી.આર ખાટીવાલા સ્કૂલ ખાતે અંગ્રેજી માધ્યમ માં કોન્વોકશન ડે ની ઉજવણી અંગ્રેજી માધ્યમના સિનિયર કે જી ના વિદ્યાર્થીઓ માટે યોજાયો .વિધાર્થી તેના જીવનમાં આગળ વધીને પ્રગતિ કરે અને સમજદારી સાથે સ્થિરતા થી તેનો વિકાસ થાય તે હેતુથી શાળાના ઓડિટોરિયમ ખાતે કોન્વોકેશન ડે નું આયોજન કરવામાં આવ્યું . જેમાં મુખ્ય મહેમાન ને ના સ્થાને ટ્રસ્ટના પ્રમુખ શ્રી અરવિંદભાઈ મહેતાએ અને અન્ય ટ્રસ્ટી ગણ સાથે હાજરી આપી.શાળાના ધોરણ એક અને બે ના વિદ્યાર્થીઓએ નવા આવનાર વિદ્યાર્થીઓને વેલકમ ડાન્સ કરી આવકાર્યા. કોન્વોકેશનના ખાસ ગાઉન ડ્રેસમાં પ્રમુખ સહિતના ટ્રસ્ટીઓએ તેમજ શાળાના આચાર્ય ડો. ઝુબીન માસ્ટરે ૧૪૭ વિદ્યાર્થીઓને વિશેષ આશીવચન આપી ગ્રેજ્યુએશન સેરેમની ને સફળ બનાવી જેમાં ૫૦૦ થી વધુ વાલીઓએ હાજરી આપી કોન્વોકેશન ડે ને સફળ બનાવ્યો તે બદલ શાળા પરિવાર વતી આચાર્યશ્રીએ અને ટ્રસ્ટી ગણે વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા.

# પાનોલીમાં હિન્દુસ્તાન એમ.આઈ. સ્વેકો કંપની સામે કામદારોના ધરણાં

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી હિન્દુસ્તાન એમ.આઈ. સ્વેકો કંપની સામે ૨૦ છૂટા કરાયેલા કામદારોએ ધરણાં પ્રદર્શન શરૂ કર્યું છે. આ કામદારો દહેજ પ્લાન્ટમાંથી છૂટા કરાયા હતા અને તેમને પરત લેવા તેમજ યોગ્ય વળતર આપવાની માંગ કરી રહ્યા છે.ભરૂચના દહેજ ખાતે આવેલી હિન્દુસ્તાન એમ.આઈ. સ્વેકો લિમિટેડ કંપનીના પ્લાન્ટમાં આ કામદારો કાર્યરત હતા. કંપનીનો દહેજ પ્લાન્ટ અચાનક બંધ થતાં ૨૦ જેટલા કામદારોને રાતોરાત છૂટા કરી દેવામાં આવ્યા હતા.બીજી તરફ, કંપની દ્વારા મેનેજર સહિત ૭ અન્ય કામદારોને પાનોલી GIDCમાં આવેલા હિન્દુસ્તાન એમ.આઈ. સ્વેકો લિમિટેડના યુનિટમાં ટ્રાન્સફર આપવામાં આવ્યું હતું. આ ભેદભાવપૂર્ણ નિર્ણયને કારણે છૂટા કરાયેલા કામદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ૨૦ કામદારોએ પાનોલી યુનિટના ગેટ બહાર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. કામદારોએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી કંપની તેમને પરત નોકરી પર નહીં લે અને યોગ્ય વળતર નહીં આપે, ત્યાં સુધી તેમના ધરણાં ચાલુ રહેશે.

# અદાણી એરપોર્ટ અને ઇંડિગોની ભાગીદારીથી ડ્યૂટી ફ્રી ખરીદી પર મળશે ઇંડિગો બ્લૂચિપ

**અમદાવાદ, ૧૬ માર્ચ ૨૦૨૬**

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ. સંચાલિત વિમાની મથકોએ ઇન્ડિગો બ્લુચિપના સભ્યોને ડ્યુટી-ફ્રી શોપિંગની સવલત ઓફર કરવાના હેતુથી ભારતની પસંદગીની એરલાઇન ઇન્ડિગો અને દેશના સૌથી મોટા ખાનગી એરપોર્ટ સંચાલક અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ. (AAHL) એ એક વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે

અદાણી પ્લેટફોર્મ દ્વારા પ્રી-બુક કરાયેલ ડ્યુટી-ફ્રી ઉત્પાદનો પર ખર્ચવામાં આવેલા પ્રત્યેક રુ.૧૦૦ માટે આ ભાગીદારી હેઠળ સભ્યો પાંચ ઇન્ડિગો બ્લુચિપ્સ પ્રાપ્ત કરી શકે છે. મુસાફરો પ્રસ્થાન પહેલાં ઓનલાઈન ઉત્પાદનો પસંદ અને રિઝર્વ કરી ચૂકવણી કરી શકે છે અને એરપોર્ટ પર જ પોતે ખરીદેલી ચીજ વસ્તુ સરળતાથી હસ્તગત કરી શકે છે.

ઇન્ડિગોના ચીફ ડિજિટલ અને ઇન્ફર્મેશન ઓફિસર નીતન ચોપરાએ જણાવ્યું હતું કે "ઇન્ડિગો ખાતે અમારા લોયલ્ટી પ્રોગ્રામના મૂલ્યના પ્રસ્તાવને વધારવા માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. અદાણી ડ્યુટી ફ્રી સાથેની આ ભાગીદારી ફ્લાઇટ્સ ઉપરાંત અર્થપૂર્ણ પુરસ્કારો પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી અમારા ગ્રાહકો માટે મુસાફરીના પ્રત્યેક પગલાને વધુ ફાયદાકારક બનાવે છે. તેમણે કહ્યું હતું કે ઇન્ડિગોના વ્યાપક નેટવર્કને અદાણીના પ્રીમિયમ ડ્યુટી-ફ્રી અનુભવ સાથે જોડીને સમગ્ર ભારતમાં લાખો પ્રવાસીઓ માટે વધુ સુવિધા, પસંદગી અને મૂલ્ય લાવવાનો અમને આનંદ છે.

કંપનીના નોન-એરોના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુચિત બંસલે જણાવ્યું હતું કે અદાણી પ્લેટફોર્મ મારફત ડિજિટલ ડિસ્કવરી, પ્રી-ઓર્ડર સુવિધા અને સીમલેસ કલેક્શનનું સંકલન કરીને એરપોર્ટ ઉપર મુસાફરોના ખરીદીના અભિગમમાં પરિવર્તન કરી રહ્યા છીએ. ભારતની સૌથી મોટી એરલાઇન ઇન્ડિગો અને દેશના સૌથી મોટા ખાનગી એરપોર્ટ ઓપરેટર વચ્ચેની ભાગીદારી વધુ કનેક્ટેડ અને લાભદાયી ટ્રાવેલ રિટેલનો અનુભવ પૂરો પાડવા માટે એક સાથે લાવે છે.

આ માટેની વ્યવસ્થા હેઠળ ગ્રાહકો એક સમર્પિત પોર્ટલ દ્વારા લોગ ઇન કરી પોતાના ઇન્ડિગો બ્લુચિપ સભ્યપદ ઓળખ આઇડી. ને લિંક કરી શકે છે. તેઓએ ખરીદી કર્યાના ૨૪-૪૮ કલાકમાં ખરીદી ઉપર તેમણે કમાયેલ રકમ મેળવી શકે છે. આ અભિયાનનો હેતુ ડિજિટલ સુવિધા, લોયલ્ટીના લાભો અને એરપોર્ટ રિટેલને એક સાથે સાંકળીને સરળ મુસાફરીની અનુભૂતિ પૂરી પાડવાનો છે.

ગુવાહાટીમાં લોકપ્રિયા ગોપીનાથ બારડોલોઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને નવા કાર્યરત નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે વિસ્તરણની યોજના સાથે હાલમાં મુંબઈ, અમદાવાદ, તિરુવનંતપુરમ, જયપુર, મેંગલુરુ અને લખનૌ એરપોર્ટ પર આ કાર્યક્રમ હેઠળ ડ્યુટી-ફ્રી સ્ટોર્સ ઉપલબ્ધ છે, જેમાં છે.

૯૫થી વધુ સ્થાનિક અને ૪૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્થળોના સમાવેશ સાથે ઇન્ડિગો વિશ્વભરમાં ૧૪૦ થી વધુ સ્થળોને જોડતી ૨,૦૦૦ થી વધુ દૈનિક ફ્લાઈટ્સનું સંચાલન કરે છે, તેના ફ્લીટના કદ અને પેસેન્જર ટ્રાફિકની દ્રષ્ટીએ તે ભારતની સૌથી મોટી એરલાઇન છે.

મુંબઈ, અમદાવાદ, લખનૌ, મેંગલુરુ, જયપુર, ગુવાહાટી અને તિરુવનંતપુરમ મળી અદાણી એરપોર્ટ હોલ્ડીંગ લિ. ભારતભરમાં આઠ એરપોર્ટનું સંચાલન કરે છે. ૨૫ ડિસેમ્બર ૨૦૨૫થી વાણિજ્યિક કામગીરી શરૂ કરનાર નવી મુંબઈ આંતર રાષ્ટ્રીય એરપોર્ટ ભારતના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પૈકીનું એક છે. એક સાથે વાર્ષિક લાખો મુસાફરોની અવરજવરનું સંચાલન કરતા આ એરપોર્ટ અદાણી એરપોર્ટ હોલ્ડીંગ લિ.ને ભારતના સૌથી મોટા ખાનગી એરપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ તરીકેના સ્થાને મૂકે છે.

ડિજિટલ ટ્રાવેલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે બંને કંપનીઓ વચ્ચેની ભાગીદારી દ્વારા કરવામાં આવેલા વ્યાપક પ્રયાસોને આ ભાગીદારી પ્રતિબિંબિત કરી મુસાફરોને બુકિંગ, પ્રવાસ અને એરપોર્ટ સેવાઓમાં વધુ સંકલિત મુસાફરી માટેની સંલગ્ન સેવાઓ પ્રદાન કરે છે.



# કાળાં મરી ડાયાબિટીસ માટે લાભદાયી

સ્વસ્થ રહેવા માટે તમારે સ્વસ્થ આહારનું પાલન કરવું જરૂરીછે. જો તમે બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ ખાશો તો તમારા સ્વાસ્થ્યને અસર થઈ શકે છે. આપણા ઘરના રસોડામાં એવા ઘણા મસાલા છે, જે તમને સારા સ્વાસ્થ્યની ભેટ આપે છે, તેમાંથી એક છે- કાળાં મરી. કાળા મરીમાં ખનીજ, વિટામિન, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ અને અન્ય ઘણાં પોષક તત્વો ઘણાં પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. ડાયાબિટીસના દર્દી માટે તો તે આશીર્વાદરૂપ છે.

● ડાયાબિટીસ : કાળાં મરીમાં ફાયદાકારક એન્ટિઓક્સિડન્ટ હોય છે, જે લોહીમાં શુગરના સ્તરને સ્થિત કરવામાં મદદ કરી શકે છે. તે હાઈ બ્લડ શુગરને નિયંત્રિત કરે છે, જે ડાયાબિટીસની સારવારમાં મદદ કરે છે. એક અભ્યાસમાં સાબિત થયું છે કે કાળા મરીનું તેલ બે ઉત્સેચકને રોકે છે. જે સ્ટાર્ચને ગ્લુકોઝમાં તોડી નાખે છે અને ડાયાબિટીસનાં લક્ષણોને વધુ ખરાબ બનાવે છે. મરી ખાવાથી કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે.

● દાંત માટે : કાળા મરીમાં બળતરા વિરોધી ગુણધર્મ છે. દાંત સાથે જોડાયેલી સમસ્યામાંથી રાહત મેળવવા માટે તમે મીઠા સાથે કાળા મરી ઉમેરી શકો છો. ફક્ત પાણીમાં મીઠું-મરી મિક્સ કરો અને તમારા પેઢા પર આ મિશ્રણ લગાવો.

● શરદી માટે : કાળાં મરીમાં એન્ટિઓક્સિડન્ટ હોય છે, જે શરદીના દર્દીઓ માટે ખૂબ ફાયદાકારક છે. આ સિવાય તે લાળને પણ ઘટાડે છે અને શ્વાસની તકલીફમાં પણ રાહત આપે છે તેમજ અસ્થમાવાળા લોકો માટે કાળાં મરી ખૂબ જ ફાયદાકારક છે. ● વજન ઓછું કરે છે : કાળાં મરીનો ઉપયોગ વજન ઘટાડવા માટે ખૂબ ફાયદાકારક છે. કાળાં મરીમાં ફાઈબર હોય છે, જે પેટને લાંબા સમય સુધી ભરેલુ રાખે છે, જેના કારણે વ્યક્તિ ઓવરઈટિંગ કરવાનું ટાળે છે. આ સિવાય ચરબી બર્ન કરવામાં પણ મદદ કરે છે. કાળા મરીમાં ઓછી માત્રામાં કેલરી પણ હોય છે, જેના કારણે મેદસ્વિતા ધરાવતા લોકો જો તેનુ નિયમિત સેવન કરે તો તેમના વજનમાં ઘટાડો જોવા મળી શકે છે.



# માથાના દુખાવાના ઘરેલુ ઉપચાર

## માથાના દુખાવાને પેઈન કિલર આપીને ન મટાડતા તેનો સરખો ઈલાજ જરૂરી છે.

આપણાંમાંથી ઘણાં બધાને માથાના દુખાવાની તકલીફ ઓછાવત્તા અંશે રહે છે. ઘણાં લોકોને બીમાર પડવાના હોય તેવા સંજોગોમાં માથાનો દુખાવો થાય. ઘણાંને ભૂખ્યા પેટે માથુ દુખે, ઘણાંને ઉજાગરાને કારણે દુખે તો ઘણાને આનુવંશિક દુખાવો હોય છે. શરીરમાં પાણીની અછત સર્જાય, ઘણાં લોકો વધારે ઉંઘતા હોય તો, સતત કમ્પ્યૂટર સામે જોવાનું આવે તો, પેઈનકિલર વધારે લીધી હોય તો પણ માથાનો દુખાવો થતો હોય છે. માથાનો દુખાવો લાંબા સમય સુધી ચાલે અને તેનો સરખો ઈલાજ ન થાય તો તે માઈગ્રેનનું સ્વરૂપ લઈ લે છે. તેથી તેનો ઈલાજ જરૂરી છે. માથાના દુખાવાને પેઈન કિલર આપીને ન મટાડતા તેનો સરખો ઈલાજ જરૂરી છે. તમે ઘરેલુ ઈલાજ દ્વારા પણ તેનાથી છુટકારો મેળવી શકો છો, કારણ કે માથાનો દુખાવો મટાડવાની બજારમાં અલગ અલગ કેટલીયે ટેબ્લેટ્સ મળે છે. પણ અંતે આ બધામાં પેઈન કિલરનો ભાગ તો હોય જ છે, તેથી આવી ટીકડી લેવાને બદલે ઘરેલુ ઉપાય અજમાવવા.

● માથાનો દુખાવો શરૂ થાય ત્યારે તુલસીના પાન તોડીને તેને પાણીમાં ઉકાળી આ પાણી ઉકળે એટલે તેને ગાળીને પી જવુ. આમ કરવાથી માથાનો દુખાવો બંધ થઈ જશે. ● માથાના દુખાવાની તકલીફને બંધ કરવા માટે રોજ એક ગ્લાસ ગરમ પાણીમાં આદુંનું છીણ નાખીને પીવાથી માથાનો દુખાવો તમારા શરીરને છોડીને જતો રહેશે. આદુંથી માથાની કોષિકાઓની અંદર ચાલતા રક્તપ્રવાહની ગતિ વધે છે, બ્લડ સર્ક્યુલેશન સારી રીતે થાય તો પણ માથાના દુખાવાની તકલીફ થતી નથી. ઘણીવાર એવું બનતું હોય છે કે મગજમાં લોહી પહોંચાડતી કોષિકાઓમાં સોજો ચડી ગયો હોય તો પણ દુખાવો થતો હોય છે. આદુંથી તે સોજો પણ દૂર થશે.

● વધારે સમય સુધી કમ્પ્યૂટર કે મોબાઈલ સામે જોઈ રહેવાથી પણ માથાનો દુખાવો થતો હોય છે. સમયાંતરે તેમાંથી બ્રેક લેવો અને થોડી કસરત કરવી. માથું ડાબેથી જમણે અને જમણેથી ડાબી તરફ ફેરવવું.

● ઘણાં લોકોને અનિદ્રાને કારણે માથાનો દુખાવો થતો હોય છે. એવા સમયે રોજ રાત્રે એક ગ્લાસ દૂધમાં ગંઠોડા નાખીને પીવાથી માથાનો દુખાવો તેમજ અનિદ્રાની તકલીફ દૂર થશે.

● પેટમાં વાયુને કારણે માથામાં દુખાવો થતો હોય તો વાયુનાશક ઉપચારની સાથે સાથે ફુદીનાનું તેલ માથામાં ઘસવાથી દુખાવામાંથી રાહત મળશે તેમજ માથામાં ઠંડકનો અનુભવ થશે.

● ઘણાં લોકોને ઓછું પાણી પીવાની આદત હોય તો શરીરમાં પાણીની કમી વારંવાર થઈ જતી હોય છે, આ કારણે પણ માથાનો દુખાવો થઈ જતો હોય છે. આ માટે પાણી વધારે પીવાની સાથે સાથે પાણીદાર ફળ અને શાક વધારે ખાવા. કાકડી અને તરબૂચ ખાવાથી આ સમસ્યા દૂર થશે.

● લવિંગને થોડા વાટીને તેની અંદર થોડું મીઠું ઉમેરી તેને દૂધમાં મિક્સ કરીને પીવાથી પણ માથાનો દુખાવો દૂર થાય છે. આ ઉપાય સળંગ એક મહિનો અજમાવવાથી માથાના દુખાવાની તકલીફમાંથી રાહત મળે છે.

# વરસાદમાં આરોગ્ય કાળજી જરૂરી

મોનસુનની સિઝનમાં કોરોના કાળમાં સાવધાની વધારે જરૂરી છે. ભારે વરસાદની જમાવટ હવે જોવા મળી રહી છે ત્યારે આ વરસાદની ચોકકસપણે મજા માણવા જોઈએ. વરસાદમાં મોજમસ્તી કરવી જોઈએ. પરંતુ આ સીઝનમાં ખાસ સાવચેતી ખુબ જરૂરી બની જાય છે. વરસાદની મજા આરોગ્ય ન બગાડી કાડે તે બાબત પર ધ્યાન રાખવાની જરૂર હોય છે. મોનસુનની સીઝનમાં કેટલીક બાબત પર ધ્યાન રાખવાની જરૂર હોય છે મોનસુનની સીઝનમાં કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છતેવી સલાહ નિષ્ણાંત તબીબો પણ આપે છે. મોનસુનની સીઝનમાં મોટા ભાગના લોકો પોતાના અરોગ્યને લઈને હંમેશા લાપરવાહ થઈ જાય છે. આ મોસમમાં આરોગ્યની કાળજી જરૂરી છે. લાપરવાહીની સ્થિતીમાં આરોગ્ય સાથે સંબંધિત તકલીફનો સામનો કરવો પડી શકે છે. વરસાદની સીઝનમાં આરોગ્યને જાળવી રાખવા માટે ખાસ ધ્યાન આપવાની રૂર હોય છે. આજે લેખમાં વરસાદની સીઝનમાં



કઈ બાબતોની કાળજી લેવી જોઈએ તે વિષય પર વાત કરી રહયા છીએ. વરસાદમાં પાદડાવાળી શાકભાજીનો વધારે ઉપયોગ કરવો જોઈએ. પાદડાવાળી શાકભાજીને સારી રીતે ધોઈ કાઢવામાં આવે તે જરૂરી છે. ફળફળાદી અને શાકભાજી પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. શાકભાજીમાં પણ કેટલાક લાવા ધુળ અને કૃમિ હોય છે. આ બેકટેરીયાથી મુકિત મેળવી લેવા માટે શાકભાજીને સારી રીતે ધોઈ કાઢવામાં આવે તે જરૂરી છે. આનાથી પણ સારો રસ્તો એ છે કે ફળફળાદી અને શાકભાજીને મીઠાના પાણીમાં ધોઈ કાઢવામાં આવે તે જરૂરી છે. મોનસુનમાં હંમેશા ગરમ પાણી પીવાની સલાહ પણ આપવામાં આવે છે. માત્ર ફિલ્ટર પાણી અને ગરમ પાણી પીવાથી આરોગ્ય સચવાય છે. ગરમ કરવામાં આવેલા પાણીને ૨૪ કલાકથી વધારે સમય થઈ જવો જોઈએ નહી. જર્મથી બચી જવા માટે વધુને વધુ હર્બલ ચાનો ઉપયોગ કરવાની જરૂર છે. જેમ કે આદુની ચા લિંબુની ચા પીવી જોઈએ. જો ચા પસંદ નથી તો હોટ વેજીટેબલ સુપનો ઉપયોગ કરી શકાય છે. મોનસુનની સીઝનમાં મગફળી, કેરી, આવળા અને તુલસીને ભોજનના એક હિસ્સા તરીકે બનાવી દેવામાં આવે તે જરૂરી છે. આ તમામ ચીજો શરીરમાં રોગપ્રતિકારક શકિતને વધારી દેવામાં ભુમિકા અદા કરે છે. પ્રોસેસ્ડફુડનું પ્રમાણ જેટલું હોય તેટલું ઓછું કરી દેવામાં આવે તે જરૂરી છે. આનુ કારણ એ છે છકે પ્રોસેસ્ડ ફુડમાં વિટામીન સી અને જીન્કનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. આ તમામ તત્વોનું શરીરની રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. પોતાના ભોજનમાં એવી ચીજવસ્તુઓને પણ સામેલ કરવી જોઈએ જેમાં શરીરને લાભ પહોચાડનાર બેકટેરીયા હોય છે.આ શ્રેણીમાં દહી, ઈડલી, ઢોસા અને ઢોકળાનો સમાવેશ થાય છે. મકાઈ મોટા પ્રમાણમાં લેવા માટે સલાહ આપવામાં આવે છે. કારણ કે આનાથી હાર્ટની તકલીફમાં પણ રાહત મળે છે. મકાઈમાં વિટામીન બી એક, વિટામીન સી જેવા તત્વો હોય છે. મોનસુનની સીઝનમાં કેટલીક બાબતોની ખાસ કાળજી રાખવી જોઈએ. ચા વધારે પ્રમાણમાં પીવાથી શરીરને નુકશાન થાય છે. પરંતુ બ્લેક ટી અને ગ્રીન ટીનો ઉપયોગ કરી શકાય છે. બ્લેક ટી અને ગ્રીન ટી શરીરમાં ટી સેલની ગતિવિધી વધારી દે છે. જે શરીરની રોગપ્રતિકારક ક્ષમતા વધારી દેવામાં ભૂમિક અદા કરે છે. ચામાં ખાંડની જગ્યાએ જો મધ ભેળવી દેવામાં આવે તો ફાયદા અનેક ગણા વધી જાય છે. મોનસુનમાં પોતાના ડાયટમાં હવે આદુ, કાળા મરચાને સામેલ કરવામાં આવે તે જરૂરી છે. આ તમામ મસાલા શરીરને જરૂરી પોષકત ત્વો ઉપલબ્ધ કરાવે છે. આના કારણે રોગની પ્રતીકાશક ક્ષમતામાં વધારો થઈ જાય છે.

## આધુનિક સમયમાં પાતળી દેખાવવા માટે સ્પર્ધા કરાય છે પણ...

# ક્રેશ ડાઇટિંગથી આરોગ્યને નુકસાન

મહિલાનુ ફોક્સ ફિટનેસને લઇને કઇ રીતે છે તે બાબત હાલમાં કરવામાં આવેલા એક સર્વેથી સપાટી પર આવી છે. આ સર્વે ફિટનેસ બ્રાન્ડ માટે લોકપ્રિય કેલિફોર્નિયાની કંપની જીઓક્યુઆઇઆઇ દ્વારા ભારતમાં ફિટનેસ ગોલ અને એક્ટીવિટીજને લઇને કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. સર્વે બાદ જાણવા મળ્યુ કે ફિટનેસના લક્ષ્યોમાં જ્યાં પુરૂષોનુ ધ્યાન મસલ ગેઇન કરવા એટલે કે બાઇસેપ્સ બનાવવામાં અને મહિલાઓનુ ધ્યાન વેટ મેનેજમેન્ટ પર કેન્દ્રિત રહે છે. આ સર્વે એક વર્ષની અંદર ૧૫થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઇને કરવામાં આવ્યા બાદ તેના તારણ ખુબ રસપ્રદ રહ્યા છે. કોઇને પણ અને ખાસ કરીને યુવતિને જોઇને અમે સરળતાથી કહી દઇએ છીએ કે હવે શરીર વધી રહ્યુ છે અને ખાવા પર ધ્યાન રાખવાની જરૂર છે. ભઇ જુઓ પોતાના શરીર પર ધ્યાન આપો નહીતર યોગ્ય યુવક મળશે નહી. અમે તો પોતાની વાત કહીને નિકળી જઇએ છીએ એવુ પણ વિચારતા નથી કે અમે અજાણતા જ આ યુવતિને કેટલુ ટેન્શન આપીદીધુ છે. આ યુવતિને આ પ્રકારની અમારી સલાહ ટેન્શન ખુબ આપે છે. વિચારવા જેવી બાબત છે કે અમે જાડી યુવતિઓ માટે તેમનુ વજન એક અડચણ બનાવી ચુક્યા છીએ. યુવાનો માટે આવી કોઇ અડચણ નથી. જો યુવતિ સહેજ પણ જાડી થાય છે તો તમામ લોકો તેના વજનની ચિંતા કરવા લાગી જાય છે. પરંતુ સમજી લેવાની બાબત એ છે કે દરેક શરીરની એક અલગ જરૂરીયાત હોય છે. હાલના દિવસોમાં ઇન્ટરનેટ પર એક વધુ નવા ટ્રેન્ડની શરૂઆત થઇ રહી છે અને આ છે ઓનલાઇન ડાઇટ પ્લાન્સની અને અલગ અલગ પ્રકારના ડિટોક્સીફિકેશન અને વેટ કટર ડ્રિન્ક્સ. આવુ નથી કે આ પ્રકારના ડાઇટ પ્લાન બિલકુલ અયોગ્ય છે. અથવા તો તેમાં કેટલાક પ્રકારની ખામી છે પરંતુ સમજી લેવાની બાબત એ છે કે સામાન્ય લોકોને લઇને બનાવવામાં




આવ્યા છે. આવી સ્થિતીમાં કોઇ એક માટે શુ યોગ્ય છે અને શુ નહી તે બાબત કઇ રીતે નક્કી કરી શકાય છે. દરેક શરીરના એક અલગ બાયો કેમિકલ એનાલેસિસ અલગ હોય છે. જેમ કે કોઇનામાં એસિડ વધારે બને છે. આવી સ્થિતીમાં જો તે લિંબુ પાણીને ડાઇટમાં સામેલ કરી લે તો સમજી શકાય છે કે તેના શરીરમાં શુ થશે. દરેક ચીજ દરેક વ્યક્તિને સુટ કરતી નથી. લગ્નની સિઝન એટલે કે મૌજ મસ્તી અને ખુશીની લહેર. આ તમામની વચ્ચે કદાચ નવવધુનુ સપનુ એ હોય છે કે તે પોતાના આ ખાસ દિવસે દુનિયાની સૌથી ખુબસુરત વધુ તરીકે દેખાય. આ પ્રયાસમાં રંગ રૂપ નિખારવા માટે કવાયત છેલ્લા કેટલાક મહિનાથી શરૂ કરી દેવામાં આવે છે. ફેસપેક લગાવવાની શરૂઆત કરી દેવામાં આવે છે. આવી સ્થિતીમાં ખુબસુરત દેખાવવા માટે બ્યુટી સલુનની પણ ઓછી ચાંદી થતી નથી. પરંતુ આને સામાજિક દબાણ કહો કે પછી પોતાને વધુ સારી રીતે રજૂ કરવાની કવાયત હોય. તાજેતરના સમયમાં સ્લિમિંગ સેન્ટર્સમાં યુવતિઓની સંખ્યામા ઝડપથી વધારો થઇ રહ્યો છે. વેડિંગ સિઝનમાં એવી યુવતિઓ જેમના લગ્ન થઇ રહ્યા છે અથવા તો બે ત્રણ મહિનામાં થનાર છે તેમની સંખ્યા ૩૦થી ૫૦ ટકા સુધી વધી જાય છે. ફિટનેસની દ્રષ્ટિએ આ વાત કેટલી સારી છે તે બાબત તો પછીની છે. આ પ્રકારની ક્રેશ ડાઇટિંગના કારણે કેટલીક વખત આરોગ્ય સાથે સંબંધિત સમસ્યા પણ આવી જાય છે. જેના કારમે શરીરમાં કેટલીક તકલીફ ઉભરી આવે છે. જેમાં હિમોગ્લોબિન ઘટવાની બાબત, વાળ ખરી પડવાની બાબત અને એનિમિયાની તકલીફનો સમાવેશ થાય છે. માત્ર એક દિવસ માટે વજન ઘટાડી દેવા માટેનુ લક્ષ્ય કઇ રીતે હોઇ શકે છે. ફિટનેસ તો જીવનભર ચાલનાર સાથી તરીકે છે. ખાસ બાબત એ પણ છે કે માત્ર યુવતિઓ જ આ પ્રકારના ટાર્ગેટ પોતાના પર લે છે. યુવકોને સમાજે કદાચ આ પ્રકારના પ્રેશર રાખવાથી મુક્તિ આપીછે.

## તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૭ માર્ચ ૨૦૨૬

# અફઘાનિસ્તાન પર પાકિસ્તાનના હવાઈ હુમલા પણ ચિંતાજનક

હજી હમણા સુધી નોબેલ શાંતિ પુરસ્કાર માટે પોતાને યોગ્ય માનતા રહેતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે સમૃદ્ધ આરબ દેશોને ઈરાન સામેના જંગમાં ભડકે બળતાં રણમેદાનમાં પરિવર્તિત કરી રહ્યા છે, ત્યારે દુનિયામાં જંગ સમાપ્ત કરવાની પોતાની સફળતાની ડંફાસોને વિસરી ગયા છે. સ્વાભાવિક રીતે આખી દુનિયાની ઉચાટ નજર ઈરાનની સામે અમેરિકા અને ઈઝરાયલનાં યુદ્ધની ઉપર મંડાયેલી છે, ત્યારે ટ્રમ્પને વિશ્વના દેશો રશિયા અને યુક્રેન વચ્ચેના જંગના અંતની વાત પણ કરતા જણાતા નથી. આવા સંજોગોમાં ભારતના પડોશમાં પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કરીને પોતાનો નાપાક ઈરાદો છતો કરી દીધો છે. દુનિયાની નજર આરબ દેશોની સ્થિતિ પર મંડાયેલી ત્યારે કોઈને પણ અફઘાનિસ્તાન પર આંતરરાષ્ટ્રીય નિયમો અને માનવ અધિકારોના સિદ્ધાંતોના ઉલ્લંઘન સમાન પાકિસ્તાનના હવાઈ હુમલા તરફ ધ્યાન આપવાનો કોઈ સમય જ ન હોય તેવો તાલ સર્જાયો છે. હાલત એવી છે કે, યુક્રેન તેના પર રશિયાએ વધારેલા હુમલા પર દુનિયા ધ્યાન આપતી ન હોવાની ફરિયાદ કરે છે, તો પાકિસ્તાનના હવાઈ હુમલામાં નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યાની તાલિબાન ફરિયાદ કરે છે. આમ તો છેલ્લા ઘણા સમયથી અફઘાનિસ્તાનના શાસક તાલિબાન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં દુશ્મનાવટની કડવાશ સતત વધતી રહી છે. સરહદે નાના છમકલાં હવે પાકિસ્તાન દ્વારા વ્યાપક હવાઈ હુમલામાં પરિણમ્યાં છે. ગયા મહિનાની આખરમાં પાકિસ્તાને એકતરફી ખુલ્લાં યુદ્ધની જાહેરાત કરીને કાબુલ અને કંદહાર સહિત સંખ્યાબંધ વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા હતા. તાલિબાને આરોપ મૂક્યો છે કે, આ હુમલામાં સંખ્યાબંધ લોકોનાં મોત થયાં છે. આમ તો તાલિબાન પણ વળતા હુમલા કરી રહ્યું છે, પણ પાકિસ્તાનની સરખામણીએ તેમની લશ્કરી તાકાત મર્યાદિત હોવાથી આ હુમલા પણ બહુ મર્યાદિત રહ્યા છે. હાલત એવી થઈ છે કે, પાકિસ્તાન અને અફઘાન-તાલિબાન વચ્ચેના સંઘર્ષને લીધે સરહદની બન્ને બાજુએ રહેતા સામાન્ય લોકોની હાલત વધુ કફોડી બની રહી છે. દાવા મુજબ પાકિસ્તાનના આ હુમલામાં ૧૫૦થી વધુ અફઘાન નાગરિકોનાં મોત થયાં છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના એક અંદાજ મુજબ લગભગ ૧.૧૪ લાખ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં પાકિસ્તાનના આ અમાનવીય હવાઈ હુમલાની આકરી ઝાટકણી કાઢી છે, પણ વિટંબણા એ છે કે, રશિયાએ યુક્રેન પર, ઈઝરાયલે ગાઝા પર અને હવે ઈરાન પર અમેરિકાના હુમલાએ બતાવી આપ્યું છે કે, સંયુક્ત રાષ્ટ્રસંઘ સહિતની વૈશ્વિક સંસ્થાઓ અને તેમના નિયમોનો કોઈ અર્થ કે અસ્તિત્વ રહ્યા નથી. આવા સંજોગોનો લાભ લેવામાં પાકિસ્તાન ભારે પાવરધું છે અને તેણે તેની પ્રકૃતિ મુજબ અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા શરૂ કર્યા છે. વિશ્વે દુનિયાના આ ખૂણા તરફ પણ ધ્યાન આપવાની ખાસ જરૂરત છે.

# ઉનાળાનો આકરો આરંભ

વિશ્વસ્તરે આમ તો 'ગરમી' અત્યંત વધી રહી છે, સાથે જ દેશમાં-રાજ્યમાં ઉનાળાનો આરંભ પણ આકરો થયો છે. અપેક્ષા મુજબ ઠંડી શિયાળાની ઋતુમાં પડી નહોતી. ગરમી અત્યારથી જ વિષમ કહી શકાય તેટલી પડી રહી છે. શિયાળામાં જેમ નલિયાની ઠંડીનો આંક ચર્ચામાં રહે તેમ ગરમીમાં હવે રાજકોટ સતત ચર્ચામાં રહે છે. આ વર્ષે પણ ઋતુની શરૂઆતથી ગરમી અહીં વધારે છે. પારો ૪૧ ડિગ્રીને વટી ગયો છે. કચ્છમાં ઉષ્ણતામાનનો પારો ચૈત્રનાં આગમન પહેલાં જ ઊંચે જવા લાગ્યો છે. ૩૮ ડિગ્રી ગરમીને લીધે બપોરે જનજીવન અકળાઈ ઊઠે છે. અલબત્ત, કચ્છમાં વહેલી સવારે ઠંડા પવનને લીધે વિષમ હવામાન અનુભવાય છે. સાંજે અને રાત્રે પણ ઠંડા વાયરા ગરમીનો ત્રાસ ઓછો કરે છે. થોડા દિવસોમાં કચ્છમાંય સૂરજ તપવા લાગશે. માર્ચ માસમાં પડી રહેલી ગરમીએ છેલ્લા ૧૦૦ વર્ષનો વિક્રમ તોડયો છે. તાપમાન ઊંચકાય તો પણ મધ્ય મેમાં તેના બદલે આ વખતે માર્ચના બીજા સપ્તાહે જ 'કાળઝાળ' એવો શબ્દપ્રયોગ વર્તમાનપત્રોએ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ગુજરાતમાં અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર, સુરત, વડોદરામાં તાપમાન ૪૧.૨ ડિગ્રી સુધી ઊંચકાયું છે, મહારાષ્ટ્રમાં પણ સ્થિતિ સમાન છે. ઠંડીની અવધિ સાવ મર્યાદિત, વરસાદ અનિશ્ચિત અને અસહ્ય ગરમી તે પૃથ્વીના બદલાઈ રહેલાં વાતાવરણના જીવંત પુરાવા છે. કુદરત સાથે થઈ રહેલા ચેડાં, કપાઈ રહેલાં વૃક્ષો કે પછી નૈસર્ગિક રીતે પૃથ્વીનું વધી રહેલું તાપમાન અહીં જવાબદાર છે. માર્ચથી મે માસ દરમિયાન દક્ષિણ અને પૂર્વ મહારાષ્ટ્ર, પૂર્વ ઉત્તરપ્રદેશ, કેરળ, તામિલનાડુ સહિતના વિસ્તારમાં વ્યાપક ગરમી પડવાની સંભાવના છે. દિલ્હીમાં તો ગયા અઠવાડિયે રાત્રિનું તાપમાન ૩૬ ડિગ્રી રહ્યું હતુ અને તે પણ છેલ્લાં પચાસ વર્ષનું સૌથી વધારે હતું. વધી રહેલાં પ્રદૂષણને લીધે બદલાઈ રહેલું ઋતુચક્ર આ સ્થિતિની પાછળ છે. વિશ્વના અનેક દેશોમાં 'સ્નોસ્ટોર્મ' - બરફના તોફાન હતા, તો સામે ભારત જેવા દેશમાં ઠંડી તદ્દન નહીંવત પડી હતી. માનવસર્જિત પ્રદૂષણને લીધે પૃથ્વી પોતાનું હીર ગુમાવી રહી છે. ફેબ્રુઆરી માસ સુધી ઠંડીનો અનુભવ થતો રહે છે. આ વર્ષે તો ફેબ્રુઆરીના અંતે જ ગરમી શરૂ થઈ ગઈ હતી. માર્ચ માસનું પ્રથમ પખવાડિયું પણ પૂર્ણ થયું નથી ત્યાં જ હવામાન વિભાગ 'યલો' અને 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવા લાગ્યું છે. આગામી સમયમાં રાત અને દિવસના તાપમાનમાં વધારો થાય તેવી પૂરતી શક્યતા છે. ગુજરાતમાં ૪૧ અને મહારાષ્ટ્રમાં ૪૨ ડિગ્રીને તાપમાનનો પારો અડી ગયો છે. એપ્રિલ - મે વધારે ગરમ રહેશે. આ સ્થિતિ દેશવ્યાપી રહેવાની આગાહી થઈ છે. કૃષિ ઉપર તેની અસર થશે તો જનજીવન પણ અસરગ્રસ્ત થયા વગર નહીં રહે. 'હીટવેવ'નું પ્રમાણ અને તેની અવધિ વધારે રહેશે, પરિણામે લૂ લાગવા સહિતના સ્વાસ્થ્યને લગતા પ્રશ્નો પણ ઉપસ્થિત થવાની શક્યતા છે. વધારેમાં વધારે વૃક્ષો વવાય, ઓછાંમાં ઓછાં કપાય. પર્વતો અન્ય સ્થળે ખનન ન થાય, જળાશયોનું રક્ષણ થાય તે જરૂરી છે. પર્યાવરણ રક્ષા કે પ્રદૂષણ નિયંત્રણની વાતો ફક્ત કાગળ ઉપર ન રહે તો જ આ સમસ્યાનો ઉકેલ છે.

**આ વર્ષે તો ફેબ્રુઆરીના અંતે જ ગરમી શરૂ થઈ ગઈ હતી. માર્ચ માસનું પ્રથમ પખવાડિયું પણ પૂર્ણ થયું નથી ત્યાં જ હવામાન વિભાગ 'યલો' અને 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવા લાગ્યું છે.**

### આ પાંચ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાતની લાંબા સમયથી રાહ જોવાતી હતી

# રાજ્યોની ચૂંટણીમાં મમતા, સ્ટાલિન, વિજયનની અગ્નિપરીક્ષા

**તમિળનાડુમાં ભાજપ ચિત્રમાં નથી પણ એઆઈએડીએમકે સાથે જોડાણ કરીને ડીએમકેને સત્તામાંથી ઉખાડી ફેંકવા માગે છે.**

કેન્દ્રીય ચૂંટણી પંચે આસામ, કેરળ, તમિળનાડુ અને પશ્ર્ચિમ બંગાળ તથા કેન્દ્રોશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી એ સાથે જ રાજકીય માહોલ ગરમ થઈ ગયો છે. પાંચ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૮૨૪ બેઠકો પર ચૂંટણી થશે અને ૧૭.૪ કરોડ મતદારો મતદાન કરશે. પંચની જાહેરાત પ્રમાણે, કેરળ, આસામ અને પુડુચેરીમાં એક જ તબક્કામાં ૯ એપ્રિલે મતદાન થશે જ્યારે તમિળનાડુમાં પણ એક જ તબક્કામાં ૨૩ એપ્રિલે મતદાન થશે. આ રાજ્યોમાં સૌથી મહત્ત્વનું પશ્ચિમ બંગાળ છે. બંગાળમાં ૨ તબક્કામાં ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલે મતદાન થશે. ચૂંટણી પંચે ગુજરાતની ઉમરેઠ સહિત ૬ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ આ જ ગાળામાં થવાની છે. આ રાજ્યો અને છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનાં પરિણામ સાગમટે ૪ મેએ જાહેર થશે તેથી હવે લગભગ દોઢ મહિના લગી દેશમાં ચૂંટણીનો ધમધમાટ અને રાજકીય ગરમીનો માહોલ રહેશે. આ પાંચ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાતની લાંબા સમયથી રાહ જોવાતી હતી કેમ કે ૨૦૨૧માં પંચે ૨૬ ફેબ્રુઆરીએ તમામ પાંચ રાજ્યોની ચૂંટણીની જાહેરાત કરી હતી. પાંચેય વિધાનસભાનો કાર્યકાળ મે-જૂનમાં પૂરો થઈ રહ્યો છે તેથી પંચ પાસે હજુય પૂરતો સમય છે જ તેથી ભલે ૨૦ દિવસ મોડી જાહેરાત થઈ પણ હજુ કશું ખાટુંમોળું થયું નથી. સમયસર જ ચૂંટણી થઈ રહી છે પણ બંગાળમાં માત્ર ૨ તબક્કામાં જ ચૂંટણી યોજવાની જાહેરાત કરીને ચોક્કસ આશ્ચર્ય સર્જ્યું છે. તેનું કારણ એ કે, છેલ્લે ૨૦૨૧માં બંગાળમાં ૮ તબક્કામાં ચૂંટણી થઈ હતી. એ વખતે એવું કારણ અપાયેલું કે, પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ છે ને જંગલરાજ જેવી જ હાલત છે તેથી ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણી માટે વધારે તબક્કા રાખવા સિવાય આરો નથી. આ વખતે ૨ તબક્કામાં જ ચૂંટણી યોજવાની જાહેરાત કરીને ચૂંટણી પંચે આડકતરી રીતે રીતે બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરી હોવાનું સ્વીકાર્યું છે. દેશના રાજકારણમાં આ પાંચેય રાજ્યો મહત્ત્વનાં છે કેમ કે પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભાજપ વિરોધી પક્ષોની સરકારો છે અને આ સરકારો પાછી ભાજપ માટે માથાનો દુઃખાવો બની રહી છે. વાસ્તવમાં દેશમાં લોકશાહી છે અને મજબૂત વિપક્ષ છે તેનો અહેસાસ આ રાજ્યોની સરકારોના કારણે જ થાય છે. ભાજપ માટે આસામ જાળવવું આબરૂનો સવાલ છે તો કોંગ્રેસ પણ આસામ, કેરળ અને પુડુચેરીમાં સત્તા મેળવવાનાં સપનાં જુએ છે કે જેથી તેને ગંભીરતાથી લેવાય. જો કે અસલી પરીક્ષા મમતા બેનરજી, એમ. કે. સ્ટાલિન અને પિનારાયી વિજયનની છે. પશ્ર્ચિમ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસ, તમિળનાડુમાં એમ.કે. સ્ટાલિનની ડીએમકે અને કેરળમાં પિનારાયી વિજયનની સીપીએમના નેતૃત્વ હેઠળની ડાબેરા સરકારે ભાજપ સામે ઝીક ઝીલીને પણ અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. આ એવા પક્ષો છે કે જે ૨૦૧૪થી શરૂ થયેલી ભાજપની આંધીમાં પણ અડીખમ રહ્યા છે અને પોતાના ઝંડાને પડવા દીધો નથી. આ પૈકી તમિળનાડુ અને કેરળમાં ભાજપ બહુ મજબૂત નથી પણ પશ્ર્ચિમ બંગાળમાં તો ભાજપ ખાસ્સો મજબૂત છે અને મુખ્ય વિરોધ પક્ષ પણ છે. ભાજપે ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તા કબજે કરી પછી પશ્ર્ચિમ બંગાળમાં પહેલી ચૂંટણી ૨૦૧૬માં યોજાઈ હતી. એ વખતે ભાજપની લહેર પુરજોશમાં હતી અને ભાજપે મમતા બેનરજીને પછાડવા પૂરી તાકાત લગાવી દીધેલી પણ મમતા સામે ભાજપ ફેંકાઈ ગયેલો. ૨૦૨૧માં ભાજપે મમતાને મુસ્લિમોના મસિહા ચિતરીને હિંદુત્વનો માહોલ પેદા કરવામાં કોઈ કસર નહોતી છોડી. મમતા બેનરજીની પાર્ટીમાંથી તોડી તોડીને ભાજપે નેતાઓને ભેગા કરેલા ને તેમના જોરે મમતાને પછાડવાની પણ પુરજોશ કોશિશ કરેલી પણ મમતા સામે ફરી પછડાટ મળી. ભાજપ આ વખતે મૂંઝાયેલો છે ને મમતા સામે શું વ્યૂહરચના અપનાવવી એ નક્કી નથી કરી શકતો. મમતાએ રાષ્ટ્રપતિનું અપમાન કરી નાખ્યું એવા સાવ છૂંછાં જેવા મુદ્દા ભાજપ ચગાવે છે પણ તેના કારણે ભાજપની તરફેણમાં માહોલ પેદા થતો નથી. બીજી તરફ મમતાએ મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાથી માંડીને ચૂંટણી પંચની જોહુકમી સુધીના મુદ્દા ચગાવી દીધા છે. ભાજપ પાસે ચૂંટણી પંચ છે અને તેના તાબા હેઠળની મશીનરી છે જ્યારે મમતા કાગનો વાઘ કરીને લોકોનાં માનસ બદલી નાખવામાં માહિર છે તેથી આ વખતે પણ જોરદાર જંગ જામશે. મમતા ભાજપની પછાડવાની હેટ્રિક કરવા લડી રહ્યાં છે જ્યારે ભાજપ દિલ્હીમાં અરવિંદ કેજરીવાલને ઉખાડી ફેંક્યા એ ઈતિહાસનું પુનરાવર્તન કરવા થનગની રહ્યો છે તેથી ખરાખરીનો જંગ છે.

તમિળનાડુમાં ભાજપ ચિત્રમાં નથી પણ એઆઈએડીએમકે સાથે જોડાણ કરીને ડીએમકેને સત્તામાંથી ઉખાડી ફેંકવા માગે છે. એઆઈએડીએમકે પહેલાં એમ.જી. રામચંદ્રનન ને પછી જયલલિતાના સમયમાં ભારે જોરાવર હતી. એમજીઆરની લોકપ્રિયતા તો એવી હતી કે, ડીએમકેના કરૂણાનિધી સાવ ફેંકાઈ જ ગયેલા. એમજીઆરના નિધન પછી તેમને ફરી બેઠા થવાની તક મળી. જયલલિતા બીજાં એમજીઆર સાબિત ના થયાં પણ એઆઈએડીએમકેને સાવ પતી જવા પણ ના દીધી. જયલલિતાના નિધન પછી નોંધારી બનેલી એઆઈએડીએમકે જૂથવાદમાં પતી ગયેલી છે તેથી તેના સહારે ભાજપ ડીએમકેને સત્તામાંથી ખદેડી શકે એ વાતમાં માલ નથી પણ ભાજપને ફિલ્મ સ્ટારમાંથી રાજકારણી બનેલા વિજયનના કારણે આશા જાગી છે. વિજયન પણ ડીએમકેની જેમ તમિળ ગૌરવની ભાષા બોલે છે તેથી ડીએમકેના મત તોડશે એવી ભાજપને આશા છે. બે બિલાડીની લડાઈમાં વાંદરો ફાવી ગયેલો એ રીતે વિજયન સ્ટાલિનની લડાઈમાં પોતાના જોડાણને ફાયદો થશે એવી ભાજપની આશા ફળશે કે નહીં એ ખબર નથી પણ વિજયન એન્ટ્રીના કારણે તમિળનાડુનો જંગ રસપ્રદ બની ગયો છે. કેરળમાં પણ ભાજપ ચિત્રમાં નથી ને ડાબેરીઓને હરાવીને સત્તા કબજે કરે એવી કોઈ શક્યતા નથી પણ જે રીતે લોકસભામાં પહેલી વાર જીતેલો એ રીતે વિધાનસભામાં પણ સારો દેખાવ કરવાની તેને આશા ચોક્કસ છે. કેરળમાં આબરૂ ભાજપની નહીં પણ ડાબેરીઓની દાવ પર લાગેલી છે. એક સમયે પશ્ચિમ બંગાળ, કેરળ અને ત્રિપુરામાં એકચક્રી શાસન ભોગવનારા ડાબેરીઓ પાસે હવે કેરળનો જ ગઢ બચ્યો છે. પિનારાયી વિજયને સળંગ બે વાર ડાબેરીઓને જીતાડીને ઈતિહાસ રચેલો પણ વખતે કૉંગ્રેસને સત્તા કબજે કરવાની આશા છે તેથી આ જંગ રસપ્રદ છે. કૉંગ્રેસ આસામમાં પણ ભાજપના વિજયરથને રોકવાની આશા રાખે છે. આસામમાં હિંદુ વર્સીસ મુસ્લિમ મતોના ધ્રુવીકરણના કારણે ભાજપને હરાવવો મુશ્કેલ લાગે છે. આંતરિક જૂથવાદમાં અટવાયેલી કૉંગ્રેસ ભાજપની જીતની હેટ્રિકને રોકી શકે એવી આશા વધારે પડતી છે પણ કૉંગ્રેસ આ આશા રાખીને બેઠી છે.

**દરવર્ષે એક થીમની સાથે વન્યજીવ દિવસ ઉજવવામાં આવે છે. વન્યજીવોની વિવિધ સમસ્યાઓ તરફ લોકોનું ધ્યાન જાય એ એનો ઉદ્દેશ છે.**

# જંગલ બચશે તો જ ભવિષ્ય ઉજળું થશે

■ **વિશ્ર્વના લગભગ ૧૦ લાખ વન્યજીવ પ્રજાતિઓ વિલુપ્ત થવાની કગાર પર છે. અનેક મહત્ત્વનાં પ્રાણીઓ જેવા કે વાઘ, ગેંડા, એશિયાટિક લાયન અને ગીધ પર સંકટનાં વાદળ તોળાઈ રહ્યાં છે.**

આજે ગ્લોબલ વૉર્મિંગ એક વૈશ્ર્વિક સમસ્યા બની ગઈ છે. વાતાવરણમાં પરિવર્તન, કમોસમી વરસાદ, અતિશય ગરમી, વધુ પડતો વરસાદ અને પૂર આવવા એ બધા વધતા પ્રદૂષણનું જ પરિણામ છે.

એ બધા માટે તો આપણે જ જવાબદાર છીએ કેમ કે આપણે જ આડેધડ જંગલ અને વૃક્ષોનું નિકંદન કાઢ્યું છે. આધુનિકીકરણ, બહુમાળી ઈમારતો અને સિમેન્ટ-કોંક્રિટનાં જંગલોને કારણે ધરતીને આપણે જ પોકળ કરી નાખી છે. એને કારણે ઘણી વખત ધરતી પણ ધ્રુજી ઊઠે છે. જે વૃક્ષોને ઘટાદાર થવામાં વર્ષો લાગી જાય છે એને એક ઝાટકે મૂળ સાથે ઊખેડી નાખવામાં આવે છે.

અનેક વર્ષોથી ઝાડ વાવવાની હાકલ લોકોને કરવામાં આવી રહી છે. એના માટે દર વર્ષે ત્રીજી માર્ચે વિશ્ર્વ વન્યજીવ દિવસ મનાવવામાં આવે છે. વિશ્ર્વને આ આફતથી બચાવવા માટે જો કોઈ નક્કર પગલાં નહીં લેવામાં આવે તો હજુ પણ માઠા પરિણામ ભોગવવા માટે આપણે તૈયાર રહેવું પડશે. આપણાં જ કર્મના માઠા પરિણામ આજે આપણે ભોગવી રહ્યાં છીએ.

વિશ્ર્વના લગભગ ૧૦ લાખ વન્યજીવ પ્રજાતિઓ વિલુપ્ત થવાની કગાર પર છે. અનેક મહત્ત્વનાં પ્રાણીઓ જેવા કે વાઘ, ગેંડા, એશિયાટિક લાયન અને ગીધ પર સંકટનાં વાદળ તોળાઈ રહ્યાં છે.

વિશ્ર્વ વન્યજીવ દિવસની અધિકારિક ઘોષણા ૨૦ ડિસેમ્બર ૨૦૨૩માં કરવામાં આવી હતી. ત્રીજી માર્ચના દિવસે જ ૧૯૭૩માં 'કંધવેન્શન ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્જર્ડ સ્પેસિઝ ઓફ વાઈલ્ડ ફાઉના એન્ડ ફ્લોરા' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. એનો ઉદ્દેશ હતો આંતરરાષ્ટ્રીય વેપાર માટે વન્યજીવો અને વનસ્પતિઓની ગેરકાયદે થતી તસ્કરીને અટકાવવાનો.

આ દિવસ એટલા માટે પણ અગત્યનો છે, કેમ કે આજે દુનિયા અનેક પડકારોનો સામનો કરી રહી છે. ઝડપથી ઘટતાં જંગલો, જંગલોમાં થતાં ગેરકાયદે શિકાર, જળવાયુ પરિવર્તન અને દરરોજ જૈવ વિવિધતાને થતા નુકસાન લોકો માટે આફત બની ગઈ છે. વન્યજીવ હશે તો પર્યાવરણનું સંતુલન જળવાઈ રહેશે. આવનારી પેઢી માટે વન્યજીવોનું સંરક્ષણ કરવું જરૂરી છે. જો હજી પણ માનવજાતિ વન્યજીવો પ્રત્યે સંવેદનશીલ ન થઈ તો વન્યજીવો માત્ર પુસ્તકો સુધી જ સીમિત રહી જશે. તેમના શિકારને પણ અટકાવવા જોઈએ.

દરવર્ષે એક થીમની સાથે વન્યજીવ દિવસ ઉજવવામાં આવે છે. વન્યજીવોની વિવિધ સમસ્યાઓ તરફ લોકોનું ધ્યાન જાય એ એનો ઉદ્દેશ છે. આ દિવસે અનેક શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સ્કૂલ, કોલેજમાં વિદ્યાર્થીઓ અને ટીચર્સ વચ્ચે આ બાબતે સંવાદ, સ્પર્ધાઓ, ભાષણ, નિબંધ લેખન વગેરેનું આયોજન કરવામાં આવે છે.

વર્કશોપ્સ પણ યોજવામાં આવે છે. રેલી અને પર્યાવરણ કાર્યકર્તાઓની વચ્ચે ચર્ચાસત્ર અને વન્યજીવોના સંરક્ષણ માટે કાર્યશાળા યોજવામાં આવે છે. સોશ્યલ મીડિયા કેમ્પેન, વૃક્ષારોપણ કાર્યક્રમ, ડોક્યુમેન્ટરી સ્ક્રીનિંગ, વન્યજીવને લઈને વિશેષ કાર્યક્રમો આયોજિત થાય છે.

ભારત દેશે પ્રોજેક્ટ ટાઈગર દ્વારા વન્યજીવ સંરક્ષણ કાર્યક્રમમાં ભાગીદારી નોંધાવી છે. હવે પ્રોજેક્ટ એલિફન્ટ દ્વારા દેશ એ દિશામાં આગળ વધી રહ્યો છે. આવા કાર્યક્રમ દ્વારા આપણે દુનિયાને દેખાડવા માગીએ છીએ કે વિશ્ર્વની સામે આવેલા પડકારથી સુરક્ષા પ્રદાન કરવામાં આપણે પાછીપાની નથી કરતા.

વન્યજીવ માનવજાતી માટે કેમ જરૂરી?

ધરતી પર જીવન માટે એક ચક્ર છે. માનવ પણ ત્યારે જ ટકી શકશે જ્યારે અન્ય વન્યજીવ હાજર હોય. એથી માનવજીવન ટકાવી રાખવા માટે વન્યજીવનું હોવું પણ જરૂરી છે. પૃથ્વી પર લગભગ ૧૦ લાખ વન્યજીવ પ્રજાતિઓ ઉપર જોખમના વાદળ તોળાઈ રહ્યાં છે.

માનવે પોતાના સ્વાર્થ માટે વન્યજીવોનો બેફામ ઉપયોગ કર્યો છે. એના પર હાલમાં નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી છે નહીં તો વન્યજીવનો સમૂળ નાશ થઈ જશે. સ્વસ્થ વન અને સમુદ્રી પારિસ્થિતિકી તંત્ર કાર્બનને અવશોષિત કરીને જળવાયુ પરિવર્તનને ઘટાડે છે. જોકે એના માટે વન્યજીવોનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ અગત્યનું છે.

### તાજેતરમાં ગયા અઠવાડિયે આખા વર્લ્ડને વર્લ્ડકપનો તાવ ચડેલો. લોકોના વિચારો વર્લ્ડકપમાં ડૂબેલા હતા.

# વર્લ્ડ-કપ જો રમાય તો વર્લ્ડ -થાળી કે વર્લ્ડ તપેલી કે ચમચી કેમ નઈ?

**પરિવર્તન સંસારનો ને ક્રિકેટનો નિયમ હોવાથી પ્રખર ભવિષ્યવક્તા સ્વામી સુભાષાનંદ એવી આગાહી કરે છે**

અલ્યા ભાઈ, હતો એક જમાનો કે પાંચ દિવસની ટેસ્ટ મેચ રમાતી, પણ પછી કઈ ટીમ, કેટલા રન, કેટલી વિકેટ... એ બધું યાદ રાખવું અઘરું પડવા લાગ્યું એટલે પચાસ ઓવરની શોધ કરી પછી કોઈએ કોમેન્ટ કરી કે અમારે મેચ જોવા સિવાય બીજા કોઈ કામધંધો હોય કે નઈ? એની ગંભીર અસરરૂપે પાણીકાપની જેમ ઓવરકાપ થઇ ને આવી ગયા ટ્વેંટી-ટ્વેંટી પર.

પરિવર્તન સંસારનો ને ક્રિકેટનો નિયમ હોવાથી પ્રખર ભવિષ્યવક્તા સ્વામી સુભાષાનંદ એવી આગાહી કરે છે કે આમ જ જો ચાલ્યું તો નજીકના ભવિષ્યમાં ધીરે ધીરે એક-એક ઓવરની મેચ પછી માત્ર એક-એક બોલની ને છેવટે માત્ર ટોસ ઉછળીને જે ટીમ ટોસ જીતશે એને ટ્રોફી આપીને વાર્તા પૂરી કરવામાં આવશે. બોલો જય ક્રિકેટ.. જય હિંદ !

તાજેતરમાં ગયા અઠવાડિયે આખા વર્લ્ડને વર્લ્ડકપનો તાવ ચડેલો. લોકોના વિચારો વર્લ્ડકપમાં ડૂબેલા હતા. મોટરની બે હેડ લાઈટની જેમ બધાની આંખો ટીવી પર વર્લ્ડ કપ જોવા મંડાયેલી હતી. વિશ્વકપ જોતી વખતે ચંબુએ મને પૂછ્યું 'અંકલ, આ ટ્વેંટી-ટ્વેંટી કેટલા ઓવરની હોય છે? કેટલા મહિના ચાલશે?' મા-કસમ એના સવાલથી મને ટ્વેંટી-ટ્વેંટી જોવાને બદલે ટીક ટ્વેંટી પીવાનું મન થયું.

મારામાં ઈશુ પ્રવેશ્યો 'હે ઈશ્વર, આ ચંબુને માફ ન કરતો ભલે એ જાણતો ન હોય કે પોતે શું પૂછી રહ્યો છે' છતાં સ્વસ્થતા ગુમાવ્યા વગર હું બોલ્યો 'ચંબુ, ટ્વેંટી -૨૦ એ વીસ ઓવરની મેચ છે.'

'એ તો ખબર છે પણ રમે છે કોણ? 'ચંબુએ પૂછ્યુ

'હમણાં આ લાસ્ટ મેચ ન્યુઝીલેન્ડ સાથે.'

'એ તો ખબર છે પણ સામે કોણ છે?'

'સામે આપણે છીએ એટલે કે ભારત છે.'

ધીરે ધીરે મારા મગજની નસ ખેંચાવા લાગી.

'અરે, એ તો ખબર છે. ન્યુઝીલેન્ડવાળા આવવાના હતા ખરા. બાય ધ વે, એ લોકોનો સ્કોર શું થયો?'

'એ લોકો ૧૫૯ રને ઓલ આઉટ' મેં હજી ધીરજ ગુમાવી નહોતી.

'એ તો ખબર છે ઓલ આઉટ... પણ વિકેટ કેટલી ગઈ?'

આ પ્રશ્નથી મને એના માથામાં બેટ ફટકારવાનું ઝનૂન ઊપડ્યું.

પણ મને બેટ આપે કોણ? એના વાહિયાત સવાલથી હું ૬૦ ટકા બેભાન થઈ ગયો.

'અરે અંકલ. ઓલ આઉટમાં ગતાગમ ન પડતી હોય તો ના પાડવાની એમાં બેભાન થોડું થઈ જવાય? મને તો ખબર છે કે...'

'ચુપ એકદમ.. ચુપ થઈ જા હવે મગજની નસ ખેંચી તો તને આખો ખેંચી કાઢીશ, સમજ્યો?' સાલુ ક્રિકેટમાં હાંધાનીયે ખબર નથી પડતી ને ક્યારનો મંડી પડ્યો છે 'મને ખબર છે' એવું બોલી મારું બચેલું લોહી પીવા બેઠો છે...' હું ભડક્યો

'એમ ભડકો નઈ, સાલુ લોહી તો તમે મારું પીવા બેઠા છો. કેટલી વારથી સવાલો કરું છું પણ તમે મોઢામાંથી બોલતા જ નથી કે આપણે ક્રિકેટ જોવા બેઠા છીએ, ઠેઠ હમણાં બોલ્યા કે આ ક્રિકેટ છે ને વિશ્વકપ રમાય છે અને મને તો ખબર છે કે..'

'શું?'

'કે મને ખબર નથી પડતી' હવે મેં મારા થોડા બચેલા હોંશ પણ ગુમાવી દીધા. પછી તો આખી રાત બેભાન રહ્યો

સવારે દસ વાગે મોબાઈલ રણક્યો.

'હલ્લો અંકલ. આવી ગયા હોશમાં? જુઓ, આવી નાની નાની બાબતોમાં હોંશ ગુમાવ્યા કરશો તો અડધી જિંદગી બેભાન અવસ્થામાં જ પૂરી થઈ જશે. જુઓ હું તો એટલું સમજુ કે જે કપમાં ફ્રેશ થવા માટે ચા-કોફી ન પી શકાતા હોય, જે કપમાં જીવવા માટે દવા કે મરવા માટે ઝેરનું ટીપું પણ ન પી શકાતું હોય, ગમને ભૂલવા શરાબનો પણ એક પેગ ન મારી શકાતો હોય. અરે, જેને ધોયા પછી પાણી પણ પી ન શકાતું હોય એવા વર્લ્ડકપને શું ધોઈ પીવો છે?

પાંચ પાંડવો વચ્ચે એક દ્રૌપદી હોય એમ આખી ટીમ વચ્ચે એક જ કપ ને એ રકાબી વગરનો, ધિક્કાર છે આવા વર્લ્ડકપને. આ તો મારી કોઈ રાય લેતું નથી નઈતર બધાને એક-એક કપ આપી દઉં ને ચોખ્ખું કઈ દઉં કે વર્લ્ડ કપને બદલે વર્લ્ડ- થાળી, વર્લ્ડ-તપેલી કે વાટકી- ગ્લાસ કે વર્લ્ડ -ચમચી કેમ નઈ? સરખે ભાગે આપી તો શકાય બાકી તો કોઈ એકના ઘરે ઘરના ખૂણામાં ઘરના ઘરડા બા પડ્યાં હોય એમ પડ્યો રહે.

જુઓ અંકલ, ટેસ્ટ હોય, વન ડે હોય કે ટ્વેંટી-ટ્વેંટી...આપણા જીવનમાં રોજ ટેસ્ટ જ છે. રમવા આવનાર બેટ્સમેનને ખબર નથી કે છેલ્લો બોલ કયો હશે એમ આપણને ખબર નથી કે આપણો છેલ્લો શ્વાસ કયો હશે, રમવા આવનાર બેટ્સમેન એકલો છે ને આઉટ કરવાવાળા અગિયાર છે. એમ પીચ પર રમવાવાળા એકલા ને આપણા જ માણસો આપણી આઉટ થવાની રાહ જોઈને બેઠા છે.

જીવનમાં પણ કોઈ ગુગલી કોઈ ફૂલટોસ કોઈ ફાસ્ટ કોઈ સ્પીનર બનીને આવવાના. બોલ જોઈને આપણને રમતા આવડવું જોઈએ ખબર જ છે કે આઉટ તો થવાના છતાં નોટાઉટ થવાના પ્રયત્ન તો કરવો જ પડે. અને મૂળ વાત તો એ છે કે બોલર, વિકેટીકીપર કે ફિલ્ડર આઉટ-આઉટની ગમે તેટલી બૂમાબૂમ કરે પણ અમ્પાયર જ્યાં સુધી આઉટ ન બોલે ત્યાં સુધી આઉટ ન થવાય એમ ઈશ્વર આપણો અમ્પાયર છે એ જ્યાં સુધી આઉટ ન કરે ત્યાં સુધી જગતની કોઈ તાકાત આપણને આઉટ ન કરી શકે.' 'વાહ વાહ ચંબુડા, આવું બ્રહ્મજ્ઞાન આવ્યું ક્યાંથી?' 'અરે, મને તો ખબર છે. તમારે જાણીને શું કામ છે. એની વે, અંકલ.... હું હમણાં હોકીની મેચ જોવા બેઠો છું કોઈ પ્લેયરે સિકસર મારી ૮૭ રન પૂરા કર્યા.'










# ઓસ્કાર ૨૦૨૬માં 'વન બેટલ આફ્ટર અનધર' અને 'સિનર્સ'નો દબદબો

## ભારતનું પ્રતિનિધિત્વ કરતાં પ્રિયંકા અને ઇશા અંબાણીનાં લૂક ચર્ચામાં

**ફિલ્મ જગતના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ ઓસ્કાર ૨૦૨૬ સમારંભ ૧૫ માર્ચ ૨૦૨૬, રવિવારે લોસ એન્જેલસના ડોલ્બી થિયેટર ખાતે યોજાયા હતા. ૯૮મા અકેડેમી એવોર્ડ્સ સમારંભમાં ફિલ્મ જગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકારો અને પ્રોડક્શન્સને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ વર્ષના એવોર્ડ્સમાં એક રસપ્રદ અને દુર્લભ ઘટના પણ જોવા મળી. બેસ્ટ લાઈવ-એક્શન શોર્ટ ફિલ્મ કેટેગરીમાં ટાઈ થઈ હતી, ટ્રોફી બંને ફિલ્મોને આપવામાં આવી — "ધ સિંગર્સ" અને "ટુ પિપલ એક્સચેન્જિંગ સલાઈવા". આ રીતે, આ વર્ષનો ઓસ્કાર અનેક રીતે યાદગાર બની રહ્યો હતો. વિવિધ કેટેગરીના એવોર્ડ્ઝમાં આ વર્ષે 'વન બેટલ આફ્ટર અનધર' અને 'સિનર્સ'એ બાજી મારી હતી. સાથે જ ઇન્ડિયાનું પ્રતિનિધિત્વ કરતાં પ્રિયંકા ચોપરા અને ઇશા અંબાણીનાં લૂકની ચર્ચા છે.**

### ઈશા અંબાણીનો વેલેન્ટિનો ગાઉન અને સિન્ડ્રેલા-સ્ટાઇલ ચોકરમાં સ્ટાઇલિશ લૂક

ઓસ્કાર ૨૦૨૬ના રેડ કાર્પેટ પર ઈશા અંબાણી પોતાના પતિ આનંદ પિરામલ સાથે હાજર રહી અને પોતાના સ્ટાઇલિશ લુકથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ઈશા આ ઈવેન્ટમાં ખૂબ જ એલેગન્ટ દેખાતી હતી. તેણે વેલેન્ટિનોનું વિન્ટેજ ગાઉન પહેર્યું હતું, જેમાં બારીક ફુલોનાં એમ્બ્રોઇડરી વર્ક સાથે સ્પ્રિંગ-ઈન્સ્પાયર્ડ એસ્થેટિક જોવા મળતો હતો. આ ગાઉન ડિઝાઈનરના ફોલ/વિન્ટર ૨૦૦૬-૨૦૦૭ કલેક્શનનો ભાગ છે. સ્ટ્રેપલેસ ગાઉનમાં શેમ્પેન-ટોનનું લેયર હતું, અને તેમની સિલ્વેટને સુંદર રીતે હાઈલાઈટ કરતું હતું. ગાઉનના ઉપરના ભાગ અને ફ્લોઈંગ સ્કર્ટ પર એમ્બ્રોઇડરી વર્ક સમગ્ર લુકને ખૂબ ગ્રેસફુલ બનાવતું હતું. ઈશાએ આ આઉટફિટ સાથે લોરેન શ્વાર્ટ્ઝની સ્ટેટમેન્ટ જ્વેલરી પસંદ કરી હતી. તેમાં ડ્રોપ ડાયમંડ્સવાળું ચોકર-સ્ટાઈલ નેકલેસ અને તેના સાથે મેળ ખાતાં ડ્રોપ ઈયરિંગ્સ સામેલ હતા, જેને કારણે આખો લુક સિન્ડ્રેલા-સ્ટાઈલ ગ્લેમરનો અહેસાસ કરાવતો હતો. બીજી તરફ, આનંદ પિરામલ પણ ખુબ શાર્પ દેખાતા હતા. તેમણે ડોલ્શે એન્ડ ગબાનાનો સૂટ પહેર્યો હતો, જેમાં ક્રિસ્પ વ્હાઈટ શર્ટ, રેડ થ્રેડ વર્કવાળો બ્લેક ડિનર જૅકેટ, બ્લેક ટ્રાઉઝર્સ અને મેચિંગ બો ટાઈ સામેલ હતા. તેમણે આ લુક સાથે બ્લેક ઑક્સફોર્ડ શૂઝ અને વાઈડ-ફ્રેમ ચશ્માં પહેર્યા હતાં.

### ઓસ્કાર ૨૦૨૬માં પ્રિયંકા ચોપરા

હોલિવૂડના સૌથી પ્રતિષ્ઠિત સમારોહ Oscar Awards ૨૦૨૬ દરમિયાન અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ પોતાની શાનદાર એન્ટ્રીથી સૌનું ધ્યાન ખેંચી લીધું. આ ખાસ પ્રસંગે પ્રિયંકા પોતાના પતિ નિક જોનસનો હાથ પકડીને રેડ કાર્પેટ પર પહોંચી હતી અને બંનેએ સાથે પોઝ આપ્યા હતા.આ વર્ષે પ્રિયંકા ચોપરા ઓસ્કાર સમારોહમાં એવોર્ડ પ્રેઝેન્ટર તરીકે સામેલ થઈ હતી. રેડ કાર્પેટ પર તેમનો ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો હતો.આ પ્રતિષ્ઠિત સાંજ માટે પ્રિયંકાએ ડાયરનું ખૂબ જ સુંદર સ્ટ્રેપલેસ વ્હાઈટ ગાઉન પસંદ કર્યું હતું. ગાઉન નીચેની તરફ લાંબું ફ્લોઈંગ ડિઝાઈન ધરાવતું હતું. તેમાં હાઈ સ્લિટ અને સ્કર્ટ પર પંખ જેવી ડિટેલિંગ જોવા મળી હતી.પ્રિયંકાએ પોતાના આઉટફિટને બ્લેક પોઈન્ટેડ હીલ્સ અને ચમકદાર ડાયમંડ નેકલેસ સાથે પૂર્ણ કર્યો હતો. તેમણે વાળને સીધા અને સ્લીક સ્ટાઈલમાં રાખ્યા હતા, જ્યારે મેકઅપ સોફ્ટ અને ગ્લોઈંગ રાખ્યો હતો, જે તેમના લુકને વધુ આકર્ષક બનાવતો હતો બીજી બાજુ તેમના પતિ નિક જોનસ ક્લાસિક બ્લેક વેલ્વેટ ટક્સીડો, સફેદ શર્ટ અને બો ટાઈમાં ખૂબ જ સ્ટાઈલિશ દેખાતા હતા. બંનેનો આઉટફિટ મળીને એક ક્લાસિક રેડ કાર્પેટ કપલ લુક આપતો હતો.પ્રિયંકાએ રેડ કાર્પેટ પર પહોંચતા પેહલા ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં તૈયારીઓની કેટલીક ઝલક પણ શેર કરી હતી જેમાં એક વીડિયોમાં તેઓ આ જ સફેદ ડિઓર ગાઉનમાં અવોર્ડ સેરેમની માટે તૈયાર થતા જોવા મળ્યા હતા, જ્યાં તેમની ટીમ તેમને ફાઈનલ ટચ આપી રહી હતી.સમારોહ દરમિયાન પ્રિયંકા ચોપરાએ સ્પેનિશ અભિનેતા જેવિયર બાર્ડેમ સાથે મળીને "બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ" કેટેગરીના વિજેતાઓની જાહેરાત કરી હતી.રેડ કાર્પેટ પર પ્રિયંકા અને નિકનો આ ગ્લેમરસ અંદાજ ફેન્સને ખૂબ જ પસંદ આવ્યો હતો અને સોશિયલ મીડિયા પર તેમના લુકની ભારે ચર્ચા થઈ રહી છે. આ સિવાય આ એવોર્ડ સમારોહમાં ઓસ્કારના રેડ કાર્પેટ માટે ઈશા અંબાણીએ ખૂબ જ એલેગન્ટ અને રોયલ સ્ટાઈલ પસંદ કરી હતી. તેમણે લાઈટ ગોલ્ડન અને ન્યૂડ ટોનવાળું સુંદર ગાઉન પહેર્યું હતું, જેમાં ફ્લોરલ એમ્બ્રોઈડરી અને નાજુક ડિટેલિંગ જોવા મળતી હતી, જે તેમના લુકને વધુ આકર્ષક બનાવી રહ્યો હતો.બીજી બાજુ, આનંદ પિરામલ ટક્સીડો અને બો ટાઈમાં ખૂબ જ સ્ટાઈલિશ દેખાતા હતા. બંનેનો કપલ લુક રેડ કાર્પેટ પર ખૂબ જ ક્લાસી અને એલેગન્ટ લાગતો હતો. ઓસ્કારના રેડ કાર્પેટ પર ઈશા અંબાણીનો આ રોયલ અને ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બન્યો હતો.



### ઓસ્કાર ૨૦૨૬ના વિજેતાઓની યાદી

- સર્વોત્તમ ફિલ્મ – વન બેટલ આફ્ટર અનધર
- સર્વોત્તમ અભિનેતા (લીડિંગ રોલ) – માઈકલ બી. જોર્ડન (સિનર્સ)
- સર્વોત્તમ સહાયક અભિનેતા –
- શોન પેન (વન બેટલ આફ્ટર અનધર)
- સર્વોત્તમ અભિનેત્રી (લીડિંગ રોલ) – જેસી બકલી (હેમનેટ)
- સર્વોત્તમ સહાયક અભિનેત્રી – એમી મેડિગન (વેપન્સ)
- સર્વોત્તમ દિગ્દર્શન – પોલ થોમસ એન્ડરસન
- (વન બેટલ આફ્ટર અનધર)
- સર્વોત્તમ એનિમેટેડ ફિલ્મ – કેપોપ ડેમન હન્ટર્સ
- સર્વોત્તમ કાસ્ટિંગ – કેસાન્ડ્રા કુલુકુન્ડિસ
- (વન બેટલ આફ્ટર અનધર)
- સર્વોત્તમ એનિમેટેડ શોર્ટ ફિલ્મ – ધ ગર્લ હૂ ક્રાઇડ પર્લ્સ
- સિનેમેટોગ્રાફી – ઓટમ ડ્યુરાલ્ડ આર્કાપો (સિનર્સ)
- કોસ્ટ્યુમ ડિઝાઇન – કેટ હોલી (ફ્રેન્કેનસ્ટાઇન)
- ડોક્યુમેન્ટરી ફીચર – મિસ્ટર નોબોડી અગેન્સ્ટ પુતિન
- ડોક્યુમેન્ટરી શોર્ટ – ઓલ ધ એમ્પ્ટી રૂમ્સ
- ફિલ્મ એડિટિંગ – એન્ડી જુર્ગેન્સન (વન બેટલ આફ્ટર અનધર)
- ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ – સેન્ટિમેન્ટલ વેલ્યુ
- લાઇવ એક્શન શોર્ટ ફિલ્મ – ધ સિંગર્સ (ટાઈ)
- લાઇવ એક્શન શોર્ટ ફિલ્મ –
- ટૂ પિપલ એક્સચેન્જિંગ સેલાઈવા (ટાઈ)
- ઓરિજિનલ સ્કોર – લુડવિગ ગોરાન્સન (સિનર્સ)
- મેકઅપ અને હેરસ્ટાઇલિંગ – માઈક હિલ, જોર્ડન સેમ્યુઅલ અને ક્લિઓના ફ્યુરી (ફ્રેન્કેનસ્ટાઇન)
- ઓરિજિનલ સોંગ – "ગોલ્ડન" (કેપોપ ડેમન હન્ટર્સ)
- પ્રોડક્શન ડિઝાઇન – તમારા ડેવરેલ અને શેન વિઓ (ફ્રેન્કેનસ્ટાઇન)
- સાઉન્ડ – ગેરેથ જ્હોન, એલ નેલ્સન, ગ્વેન્ડોલિન યેટ્સ વિટલ, ગેરી એ. રિઝો અને જુઆન પેરાલ્ટા (એફ૧)
- વિઝ્યુઅલ ઇફેક્ટ્સ – જો લેટરી, રિચર્ડ બેનહામ, એરિક સૈન્ડન અને ડેનિયલ બેરેટ (અવતારઃ ફાયર એન્ડ એશ)
- એડેપ્ટેડ સ્ક્રીનપ્લે – પોલ થોમસ એન્ડરસન (વન બેટલ આફ્ટર અનધર)

ઓરિજિનલ સ્ક્રીનપ્લે – રાયન કૂગ્લર (સિનર્સ)

### બે દાયકા બાદ 'ખોસલા કા ઘોસલા' પાર્ટ-૨ આવી રહી છે






ફિલ્મ ખોસલા કા ઘોસલાની સીક્વલ ખોસલા કા ઘોસલા ૨ની રિલીઝ ડેટ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. આ લોકપ્રિય કલ્ટ કોમેડી ફિલ્મની સીક્વલ હવે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

ફિલ્મના નિર્માતાઓએ પોસ્ટર જાહેર કરીને આ જાહેરાત કરી હતી. લગભગ બે દાયકાઓ બાદ આ લોકપ્રિય ફ્રેન્ચાઈઝનો નવો ભાગ આવી રહ્યો છે, જેને કારણે દર્શકોમાં ખાસ ઉત્સુકતા પણ છે.આ સિક્વલનું ડિરેક્શન પ્રશાંત ભગિયા કરી રહ્યા છે. ફિલ્મનું નિર્માણ ભૂષણ કુમાર અને કૃષ્ણ કુમાર દ્વારા ટી-સિરિઝના બેનર હેઠળ તાંડવ ફિલ્મ્સ સાથે મળીને કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત સવિતા રાજ હિરેમથ અને રાજ હિરેમથ પણ આ પ્રોજેક્ટના નિર્માતા છે.હાલમાં ફિલ્મની વાર્તા અંગે કોઈ ખાસ વિગતો જાહેર કરવામાં આવી નથી. જોકે સિક્વલમાં મૂળ ફિલ્મના કલાકારો ફરી પોતાના જ પાત્રોમાં જોવા મળશે અને તે જ પાત્રો ફરી પડદા પર જીવંત બનશે, જેમણે પહેલી ફિલ્મને કલ્ટ લોકપ્રિયતા અપાવી હતી. આ ફિલ્મમાં અભિનેતા રવિ કિશન પણ એક મહત્વના રોલ માટે જોડાયા છે.આ પ્રોજેક્ટની જાહેરાત આ વર્ષનાં જાન્યુઆરીમાં કરવામાં આવી હતી. વરિષ્ઠ અભિનેતા અનુપમ ખેરે ૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આ ફિલ્મના શૂટિંગ સાથે પોતાની કારકિર્દીનો મહત્વપૂર્ણ માઈલસ્ટોન નોંધાવ્યો હતો, કારણ કે આ તેમની ૫૫૦મી ફિલ્મ છે.સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં અનુપમ ખેરે પોતાના લાંબી ફિલ્મી સફરની યાદો તાજી કરી હતી. તેમણે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન એક આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકર સાથે થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં તે ફિલ્મમેકરે તેમની અનેક ફિલ્મોમાં કામ કરવાની સિદ્ધિ વિશે જાણ્યા પછી તેમને "Marathon Man of Indian Cinema" કહી સંબોધ્યા હતા.દિલ્હીમાં સીક્વલનું શૂટિંગ શરૂ કરતાં અનુપમ ખેરે લખ્યું હતુંઃ કે આજે મેં મારી ૫૫૦મી ફિલ્મ ખોસલા કા ઘોસલા ૨ની દિલમાં ૠણાનુવાદ અને આભાર સાથે શરૂઆત કરી છે.મૂળ ફિલ્મ ખોસલા કા ઘોસલાએ શહેરી ભારતના મધ્યવર્ગીય સપનાઓ, પરિવારિક સંબંધો અને પ્રોપર્ટી વિવાદોની ગૂંચવણભરી હકીકતો પર વ્યંગાત્મક અને રમૂજી અંદાજમાં પ્રકાશ પાડ્યો હતો. વર્ષો બાદ પણ આ ફિલ્મને દર્શકો દ્વારા ખૂબ પ્રેમ મળતો રહ્યો છે અને તેની હાસ્યસભર તથા દરેકને પોતાની સાથે સંબંધિત લાગતી કહાનીને કારણે તે કલ્ટ ફેવરિટ બની ગઈ છે.

### સલમાનની ફેન્સને ઇદી - બેટલ ઓફ ગલવાન ફિલ્મનું નામ બદલીને 'માતૃભૂમિ' જાહેર કર્યું

સલમાન ખાનની આવનારી ફિલ્મ બેટલ ઑફ ગલવાનનું નામ બદલીને માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ કરવામાં આવ્યું છે. સલમાને પોતાની આવનારી વૉર એક્શન ડ્રામાનું એક ઉગ્ર ભાવ દર્શાવતું પોસ્ટર શેર કર્યું છે.

૨૦૨૬ની ઈદ હવે નજીક છે અને વર્ષોથી આ તહેવાર સલમાન ખાનની ફિલ્મ સાથે જોડાયેલો રહ્યો છે. જોકે આ વખતે તે પોતાની મનપસંદ તારીખે ફિલ્મ રિલીઝ નહીં કરે, તેમ છતાં તેણે પોતાના ચાહકોને ખુશ થવા માટે તેની આવનારી ફિલ્મ અંગે એક મહત્વની અપડેટ આપી છે, જે તેના ફેન્સને ઈદી જેવી લાગે છે.

સલમાન ખાનની ફિલ્મ બેટલ ઑફ ગલવાનનું હવે નામ બદલીને માતૃભૂમિઃ મે વૉર રેસ્ટ ઈન પીસ રાખવામાં આવ્યું છે. નવા ટાઈટલની જાહેરાત કરતાં મેગાસ્ટારે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક પોસ્ટર શેર કર્યું હતું. તેનાં કેપ્શનમાં લખ્યું હતું, "મે વોર રેસ્ટ ઈન પીસ. માતૃભૂમિ."

અગાઉ બેટલ ઑફ ગલવાન ૧૭ એપ્રિલે રિલીઝ થવાની માહિતી મળી હતી. હવે અંદરના અહેવાલો સૂચવે છે કે સલમાન ખાનની આ આવનારી ફિલ્મ જુલાઈ અથવા ઑગસ્ટ ૨૦૨૬માં સિનેમાઘરોમાં આવી શકે છે.

માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ ૨૦૨૦માં ગલવાન વેલીમાં ભારત અને ચીન વચ્ચે થયેલી તીવ્ર અથડામણ પર આધારિત છે. ફિલ્મનું દિગ્દર્શન અપૂર્વ લાખિયાએ કર્યું છે, જે શૂટઆઉટ એટ લોખંડવાલા, હસીના પાર્કર સહિતની ફિલ્મો માટે જાણીતા છે. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ સલમાન સાથે લીડ રોલમાં જોવા મળશે.

બીજી તરફ અચાનક ફિલ્મનું નામ બદલવાની જાહેરાત અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ છે. આ નિર્ણય સલમાને એકતરફી રીતે લીધો છે કારણ કે તેને લાગ્યું કે બેટલ ઑફ ગલવાન ખૂબ જ મર્યાદિત શીર્ષક છે.

સલમાને ટાઈટલ કેમ બદલ્યું તે અંગે એક સુત્રે કહ્યું, "આ નામ ખાસ એક ઘટના સાથે જોડાયેલું લાગતું હતું, જ્યારે સલમાનની ઈચ્છા હતી કે, નામ વધુ વિશાળ અને મહાકાવ્ય જેવી વ્યાપકતા દર્શાવે એવું હોવું જોઈએ. નામ બદલવાનો નિર્ણય સંપૂર્ણપણે સલમાનનો હતો."

ફિલ્મના ડિરેક્ટર અપૂર્વ લાખિયાએ આ અંગે એક ઈન્ટરવ્યુમાં ફિલ્મનું કારણ બદલવા અંગે વાત કરી છે.

તો એક અન્ય સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્મનું ટાઈટલ બદલવાનું કારણ ભારત અને ચીન વચ્ચેની વર્તમાન રાજનૈતિક સંવેદનશીલતા સાથે જોડાયેલું છે. "સલમાન ખાનને કેટલાક સત્તાવાર અને વ્યૂહાત્મક વર્તુળોમાંથી સલાહ આપવામાં આવી હતી કે તે માત્ર ફિલ્મનું નામ ફરી વિચાર કરે એટલું જ નહીં, પરંતુ ફિલ્મમાં રહેલા એન્ટી-ચીન સીનને પણ થોડા હળવા બનાવે. આ પ્રતિસાદને ગંભીરતાથી લઈને સલમાને ફિલ્મને દેશના વ્યાપક ભાવનાત્મક માહોલ સાથે સુસંગત બનાવવા અને વિષયની સંવેદનશીલતા જાળવવાનો નિર્ણય કર્યો. પરિણામે નામ બદલવામાં આવ્યું અને ફિલ્મનો મોટો ભાગ ફરીથી તૈયાર કરવામાં આવ્યો, જેમાં સંઘર્ષને કલ્પિત સ્વરૂપ આપવામાં આવ્યું."

સુત્રે વધુમાં ઉમેર્યું કે રીશૂટ્સને કારણે ફિલ્મના બજેટમાં વધારો થયો, જોકે વધારાના ખર્ચ અંગે સલમાન ખાન બિલકુલ ચિંતિત નહોતા. "સ્ક્રિપ્ટનો મોટો ભાગ ફરી લખવામાં આવ્યો છે જેથી ફિલ્મને વધુ ભાવનાત્મક દેશભક્તિપૂર્ણ સાગામાં રૂપાંતરિત કરી શકાય. આ ફેરફારો સંબંધિત વર્તુળોમાંથી મળેલા સૂચનો બાદ કરવામાં આવ્યા છે. નવા વર્ઝનમાં સલમાન ખાન અને ચિત્રાંગદા સિંહના પાત્રો વચ્ચે વધુ નજીક અને વ્યક્તિગત સંબંધ પણ દર્શાવવામાં આવશે. હવે ફિલ્મના કેન્દ્રમાં એક એવા સૈનિક અધિકારીની વાર્તા છે જે સંઘર્ષ વચ્ચે પોતાના પ્રેમ અને ફરજ વચ્ચે સંતુલન સાધે છે — ઘણી રીતે કહીએ તો આ જ સાચી 'લવ એન્ડ વૉર'ની કહાની છે."



# ટી-૨૦ ક્રિકેટ રમતમાં સેટ થઈ ગયો છું : સૂર્યા

## હવે એમ કહેવામાં જરાય શરમ નથી કે અમારી પાસે વધુ ટીમો માટે પ્રતિભા છે




ટી૨૦ વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે સોમવારે નિખાસલતાપૂર્વક કબૂલ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટમાં રમવા આતુર છું પણ ટી૨૦માં બરાબર સેટ થઈ ગયો છું જ્યારે વન-ડે ક્રિકેટ મારા બસનો રોગ નથી.

તેણે જણાવ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટ રમવા માટે આતુર છે અને ૫૦ ઓવરના વન-ડેમાં તેને ખાસ માફક આવતું નથી પરંતુ અંતે ટી૨૦ તેનું મજબૂત પાસું છે કારણ કે ''ઉસ મેં અપના હાથ સેટ હો ગયા હૈ.

બીસીસીઆઈના નમન એવોર્ડ સમારંભમાં હાજરી આપનારા સૂર્યકુમાર યાદવે એક ખાસ મુલાકાતમાં મુંબઈની આગવી હિન્દી શૈલીમાં વાત કરી હતી. તેણે ''હાથ સેટ હો ગયા હૈ'' જેવો શબ્દપ્રયોગ કર્યો હતો. ટૂંકમાં સૂર્યાનો કહેવાનો સૂર એવો હતો કે હવે ક્રિકેટના આ સૌથી ટૂંકા ફોર્મેટમાં માહેર થઈ ગયો છે અને તેમાં રમવા માટે ખૂબ જ સહજ છે.ભારતને વર્લ્ડ કપમાં શાનદાર જીત અપાવ્યા બાદ અત્યંત ખુશ દેખાતા સૂર્યકુમારે સમગ્ર કલાક લાંબી વાતચીત દરમિયાન ટેસ્ટ ક્રિકેટ ન રમી શકવા અંગેની પોતાની નિરાશા વિશે ખૂલીને વાત કરી હતી. જ્યારે તેને યાદ અપાવવામાં આવ્યું કે તેઓ ઓસ્ટ્રેલિયા સામે એક ટેસ્ટ રમ્યા છે ત્યારે તેમણે હસતા હસતા સુધારો કરતા કહ્યું, ''માત્ર એક ઈનિંગ્સ જ.'' સૂર્યાએ ઉમેર્યું હતું કે ''તમારા નસીબમાં જે લખ્યું હોય તે જ તમને મળે છે. મેં રેડ બોલના ક્રિકેટથી જ શરૂઆત કરી હતી. દસથી ૧૨ વર્ષ રણજી ટ્રોફી રમી હતી. મેં મુંબઈમાં ઘણું લાંબા ગાળાના ફોર્મેટમાં ઘણું ક્રિકેટ રમ્યું છે કેમ કે જો તમે મુંબઈમાં મોટા થયા હો તો તમે આ ફોર્મેટથી જ શરૂઆત કરો છો, એટલે બધું તેની આસપાસ જ હોય છે.'' જોકે ધીરે ધીરે જ્યારે અમે વ્હાઈટ બોલ ક્રિકેટ રમવાનું શરૂ કર્યું, ત્યારે ઝુકાવ થોડો તે તરફ વધ્યો. અને તે પછી હું આ ફોર્મેટ (ટી૨૦) માં આવ્યો. મેં વન-ડે ક્રિકેટમાં પણ સારું રમવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પણ ત્યાં કાંઈ ખાસ જામ્યું નહીં.'' તેમ તેણે જણાવ્યું હતું.

સૂર્યાએ તેની લાક્ષણિક અદામાં ઉમેર્યું કે ''ટી૨૦માં જે રીતે ચાલતું હતું, તેમાં 'અપના હાથ સેટ હો ગયા હૈ' એમ કહી શકાય.'' તક મળે તો શું તેઓ ટેસ્ટ ક્રિકેટ રમવા માંગશે? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેણે ખચકાટ વિના જવાબ આપ્યો હતો કે ''ટેસ્ટમાં રમવાનું મને ચોક્કસ ગમશે કેમ કે મેં ઉલ્લેખ કર્યો તેમ મેં ૨૦૧૦-૧૧ થી ૨૦૨૦ સુધી એ ફોર્મેટનું ક્રિકેટ રમ્યું છે. દસ વર્ષ એ ઘણો લાંબો સમય છે અને મને તે ફોર્મેટ ખૂબ ગમતું હતું. પણ હા, દેખીતી રીતે જો તક મળે તો ટેસ્ટ કોણ રમવા ન માંગે?''

જોકે ૩૫ વર્ષની વયે સૂર્યકુમાર માટે ટેસ્ટ ટીમમાં જગ્યા બનાવવી લગભગ અશક્ય છે. ટેસ્ટમાં તેનો એકમાત્ર અનુભવ ૨૦૨૩માં નાગપુરમાં ઓસ્ટ્રેલિયા સામેનો હતો, જ્યાં તેણે એક ઈનિંગમાં આઠ રન કર્યા હતા. એ જ વર્ષે તે ઓસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં રમ્યો હતો, જેમાં તેણે ૨૮ બોલમાં ૧૮ રન કર્યા હતા. ભારત તે ફાઈનલ હારી ગયું હતું અને ત્યારથી સૂર્યકુમાર આ ફોર્મેટમાં રમ્યો નથી.

વન-ડેના ભવિષ્ય અંગેના સવાલનો સૂર્યકુમાર યાદવે રાજદ્વારી રીતે જવાબ આપતા આ ફોર્મેટને પૂરતું સન્માન આપ્યું હતું. તેણે કહ્યું કે ''મને લાગે છે કે મેં જેટલો વન-ડે ક્રિકેટનો અનુભવ કર્યો છે, તે એક એવું ફોર્મેટ છે જ્યાં તમારે ત્રણ અલગ-અલગ રીતે બેટિંગ કરવી પડે છે. જો તમે વહેલા મેદાનમાં ઉતરો અને વિકેટો ઝડપથી પડી જાય તો તમારે ટેસ્ટ ક્રિકેટની જેમ બેટિંગ કરવી પડે. પછી તમારે વન-ડેની જેમ સારા સ્ટ્રાઈક રેટ સાથે રમવું પડે અને અંતે ઈનિંગ્સ પૂરી થતી હોય ત્યારે ટી૨૦ની જેમ રમવું પડે. તેથી આ એક એવું ફોર્મેટ છે જે મને ક્યારેય સમજાયું નથી. મેં તેને રમવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કર્યા, પણ તે એક પડકારજનક ફોર્મેટ છે.'' જ્યાં સુધી વન-ડેનો સવાલ છે ત્યાં સુધી તેને પસંદ કરનારા ઘટી રહ્યા છે. ભારતનો દિગ્ગજ સ્પિનર આર. અશ્વિન માને છે કે વન-ડે ક્રિકેટ ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યું છે, પાકિસ્તાનના વસિમ અકરમે એકવાર આઈસીસીને આ ફોર્મેટને સંપૂર્ણપણે બંધ કરવાની સલાહ આપી હતી.

# આઈપીએલ ૨૦૨૬માં રાજસ્થાન રોયલ્સ ટીમના નેટ બોલર તરીકે સુરતના જશ દેસાઈની પસંદગી






**સુરત,તા.૧૭**

રાજસ્થાન રોયલ્સના ઉચ્ચ પદાધિકારી રૂચિકા સોરનીના જણાવ્યાનુસાર સુરતના જશ જીમીભાઈ દેસાઈની પસંદગી આગામી ઈન્ડિયન પ્રિમયર લીગ ૨૦૨૬ દરમિયાન રાજસ્થાન રોયલ્સ ટીમ માટેના નેટ બોલર તરીકે કરવામાં આવી છે.સુરત જિલ્લા ક્રિકેટ એસોસિયેશને પાઠવેલા પત્ર મુજબ જશ દેસાઈ ૧૭મી માર્ચ ૨૦૨૬થી ૩૧મી મે ૨૦૨૬ દરમિયાન સ્પર્ધાની મેચો માટે ટ્રેનિંગ કેમ્પ માટે તેમજ ટીમને ફાયદાકારક અન્ય પ્રવૃતિઓ માટે રાજસ્થાન રોયલ્સ ટીમ જોડે સંકળાયેલો રહેશે.જશ દેસાઈ સુરતના જ ખ્યાતનામ અનુભવી પીઢ કોચ કેતન દેસાઈની સીધી દેખરેખ હેઠળ કોચિંગ લઈ રહ્યો છે. આમ જશ દેસાઈએ સુરત તથા ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

# સુર્યકુમાર યાદવ પછી ટી-૨૦ ટીમના કપ્તાન માટે કોણ ફેવરીટ ??



## આઇ.પી.એલ. ૨૦૨૬ આગામી T20 ટીમના કપ્તાન બનવા માટેની મુખ્ય પરીક્ષા બની શકે

નવી દિલ્હી : સતત બે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યાં પછી ભારત ક્રિકેટનાં સૌથી નાના ફોર્મેટમાં એક શક્તિશાળી ટીમ બની ગઈ છે. ટીમ પાસે ભવિષ્ય માટે પણ ઘણું ટેલેન્ટ તૈયાર છે. બે વર્ષ પછી ભારતીય ટીમ બે મોટા ટૂર્નામેન્ટ માટે તૈયાર થશે - ૨૦૨૮ના લોસ એન્જલેસ ઓલિમ્પિક્સ અને ૨૦૨૮નો ટી-૨૦ વર્લ્ડ કપ.

જ્યારે ૧૫ ખેલાડીઓની ટીમ પસંદ કરવાની વાત આવે ત્યારે મોટાભાગે ખેલાડીઓની પસંદગી તેમના ફોર્મના આધાર પર થતી હોય છે. આનું સૌથી સારું ઉદાહરણ ઈશાન કિશન છે. બે વર્ષના વિરામ પછી ટીમમાં પરત ફર્યા પછી ઈશાને ધમાકેદાર પ્રદર્શન કર્યું છે.

ઝારખંડને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ચેમ્પિયન બનાવતાં તેણે ફાઈનલમાં સદી ફટકારી હતી અને ત્યારબાદ તેને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું. પાછા આવ્યાં પછી ૧૩ મેચમાં તેણે ૫૩૨ રન બનાવ્યા છે અને તેનો સ્ટ્રાઈક રેટ ૨૦૭ રહ્યો છે. તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેણે ૩૧૭ રન બનાવ્યાં હતાં, જે પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાન અને ભારતના સંજુ સેમસન પછી ત્રીજા ક્રમે હતા.પરંતુ સૌથી મોટો પ્રશ્ન છે કે ઉંમર વધતાં સૂર્યકુમાર યાદવ પછી ભારતનો આગામી ટી-૨૦ કપ્તાન કોણ બનશે? તેનો જવાબ કદાચ ૨૦૨૬ની આઈપીએલમાં મળી શકે - જેમ એક સમયે ગૌતમ ગંભીરને કોલકાતા નાઈટ રાઈડર્સ સાથેની સફળતા પછી ભારતીય ટીમનો મુખ્ય કોચ બનાવવામાં આવ્યો હતો.આઈપીએલ દુનિયાની સૌથી મોટી ટી-૨૦ લીગ છે. ટી-૨૦ વર્લ્ડ કપની સરખામણીએ અહીં તમામ ૧૦ ટીમો લગભગ સમાન મજબૂત હોય છે. એટલે પસંદગીકારોએ ધ્યાનથી જોવું પડશે કે કોણ ભારતીય ટીમને નેતૃત્વ આપી શકે. કારણ કે ભારત પાસે જેટલું ટેલેન્ટ છે તેમાંથી સારી ટીમ પસંદ કરવી સરળ છે, પરંતુ યોગ્ય કેપ્ટન પસંદ કરવો એટલો સરળ નથી.

### શુભમન ગિલ અને શ્રેયસ અય્યર

ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ અને પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યર પણ મજબૂત દાવેદાર છે. બંનેએ નેતૃત્વ કરવાની ક્ષમતા બતાવી છે. ગિલ હાલમાં ભારતની વનડે અને ટેસ્ટ ટીમના કપ્તાન છે, જ્યારે અય્યરે ૨૦૨૪માં કોલકાતાને આઈપીએલનું ટાઈટલ અપાવ્યું હતું અને ૨૦૨૫માં પંજાબ કિંગ્સને ફાઈનલ સુધી પહોંચાડી હતી.

શુભમન ગિલને ભારતીય ક્રિકેટનો આગામી પોસ્ટર બોય અને સૂર્યકુમાર યાદવનો વારસદાર માનવામાં આવતો હતો. પરંતુ ટીમ કોમ્બિનેશનની કારણસર તેમને ટી-૨૦ વર્લ્ડ કપ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યા હતા. શ્રેયસ અય્યર ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં ઈજાગ્રસ્ત તિલક વર્માના કવર તરીકે ટીમ સાથે હતા, પરંતુ તેમને રમવાની તક મળી નહોતી.

જો બધું યોગ્ય રીતે થાય તો લોસ એન્જલેસ ઓલિમ્પિક્સ અને આગામી ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતને નેતૃત્વ આપવા શ્રેયસ યોગ્ય વિકલ્પ બની શકે.

### કોણ છે દાવેદાર?

**અક્ષર પટેલ**

અક્ષર પટેલ આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન છે. ૧૦ માંથી ૮ આઈપીએલ ટીમોએ ભારતીય ખેલાડીઓને કેપ્ટન બનાવ્યાં છે. કોલકાતા નાઈટ રાઈડર્સે હજુ તેમના કેપ્ટનની જાહેરાત કરી નથી, જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદને પેટ કમિન્સ લીડ કરશે. ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ છે. હાંગઝૂમાં ૨૦૨૩ના એશિયન ગેમ્સમાં ભારતને ગોલ્ડ અપાવ્યા પછીથી તે રાષ્ટ્રીય ટીમમાં જોવા મળ્યાં નથી.

હાલનાં ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોરના કેપ્ટન રાજત પાટિદાર હજુ સુધી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ડેબ્યૂ કરી શક્યાં નથી. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા વિશે ૨૦૨૪ વર્લ્ડ કપ પછી રોહિત શર્મા પછીનો કેપ્ટન બનવાની ચર્ચા હતી, પરંતુ ફિટનેસના કારણે તેમને આ જવાબદારી આપવામાં આવી નહોતી. આઈપીએલ ૨૦૨૬માં તેઓ ભારતનાં હાલનાં ટી-૨૦ કપ્તાન સૂર્યકુમાર યાદવ સાથે રમતા જોવા મળશે.

૩૨ વર્ષીય અક્ષર પટેલને ઘણીવાર ટીમમાં મહત્વની ભૂમિકા મળી છે પરંતુ આખી જવાબદારી બહુ ઓછા સમયે મળી છે. ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડ કપ પછી તેમને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યા હતા, પછી તેમની જગ્યાએ શુભમન ગિલ આવ્યા. ત્યારબાદ ફરી સૂર્યકુમાર યાદવના વાઈસ કેપ્ટન તરીકે તેમને પસંદ કરવામાં આવ્યા. અક્ષર સારા વિકલ્પ બની શકે, પરંતુ તેની માટે દિલ્હી કેપિટલ્સને આઈપીએલ જીતવી પડશે.

**ઋષભ પંત**

લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંત છે. ૨૪ વર્ષીય રિયાન પરાગે આઈપીએલ ૨૦૨૫માં સંજુ સેમસન ગેરહાજર હતાં ત્યારે રાજસ્થાન ટીમનું નેતૃત્વ કર્યું હતું. પરંતુ તેની પહેલા ભારતીય ટીમમાં પોતાનું સ્થાન મજબૂત બનાવવું પડશે. તેની બોલિંગ કરવાની ક્ષમતા તેને ભવિષ્યમાં ટીમનો મહત્વનો ખેલાડી બનાવી શકે છે.

૨૮ વર્ષીય ઋષભ પંત પણ ટી-૨૦ ફોર્મેટમાં ફરી પોતાની ઓળખ બનાવવાનો પ્રયાસ કરશે - બેટિંગમાં પણ અને લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન તરીકે પણ. હાલમાં તે ટીમની પસંદગીમાં થોડો પાછળ ચાલી રહ્યા છે. સંજુ સેમસન અને ઈશાન કિશન સારા ફોર્મમાં હોવાથી પંતને તક માટે રાહ જોવી પડી શકે છે.

**સંજુ સેમસન**

પસંદગીકારોએ સંજુ સેમસન વિશે પણ વિચારવું જોઈએ. ૨૦૨૬ ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમમાં મહત્વની ભૂમિકા ભજવનાર સેમસન લાંબા સમયથી રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રહ્યાં છે અને હાલમાં ખૂબ આત્મવિશ્વાસમાં દેખાઈ રહ્યા છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં તેઓ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ રહ્યાં હતાં.

આઈપીએલ લાંબા સમયથી ભારત માટે ટી-૨૦ ક્રિકેટની મોટી પ્રયોગશાળા રહી છે. જેમ ગૌતમ ગંભીરની આઈપીએલ સફળતાએ તેમને ભારતીય ટીમના કોચ સુધી પહોંચાડ્યા, તેમ આઈપીએલ ૨૦૨૬ પણ ભારતનાં આગામી ટી-૨૦ કપ્તાનને શોધવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ ટૂર્નામેન્ટમાં દરરોજ દબાણ, રણનીતિ અને નેતૃત્વની સાચી કસોટી થાય છે - અને કદાચ અહીંથી જ ભારતને આગામી કેપ્ટન મળશે.

# મહિલા દિવસે રમત પત્રકારોએ રાજયની સફળ મહિલા રમતવીરોનું સન્માન કર્યું

## વિવિધ રમતોમાં રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાંસલ કરનારી મહિલાઓને બિરદાવવામાં આવી



સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ્સ એસોસિયેશન ઓફ ગુજરાત (SJAG)ના ઉપક્રમે વિશ્વ મહિલા દિવસ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારી મહિલા શક્તિને સન્માનિત કરવા માટે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં રાજ્યભરમાંથી વિવિધ રમતોમાં રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાંસલ કરનારી મહિલાઓને બિરદાવવામાં આવી હતી.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (એસએજી)ના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના ડિરેક્ટર જનરલ આઈ. આર. વાળા તથા અતિથિ વિશેષપદે જાણીતા ઈન્ફ્લુએન્સર સપના વ્યાસ-પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા. તેમના વરદહસ્તે રાજ્યની પ્રતિભાશાળી લઈને લિજેન્ડ સુધીની મહિલા ખેલાડીઓને વિવિધ શ્રેણીમાં એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આઈ. આર. વાળાએ પ્રાસંગિક સંબોધન કરતાં જણાવ્યું હતું કે ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા 'ખેલ મહાકુંભ' આજે એક વટવૃક્ષ બની ગયું છે. છેલ્લા ખેલ મહાકુંભમાં નોંધાયેલા ૭૨ લાખ રમતવીરો પૈકી ૨૯ લાખ મહિલા રમતવીરો છે, જે રાજ્યમાં રમતગમત પ્રત્યે વધતી જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ છે.

તેમણે ઉમેર્યું હતું કે સરકાર 'ઈન-સ્કૂલ' અને 'DLSS' જેવી યોજનાઓ દ્વારા ખેલાડીઓનો રહેવા, જમવા અને તાલીમનો તમામ ખર્ચ ઉઠાવી રહી છે. ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને ગુજરાતના ખેલાડીઓ મેડલ ટેલીમાં 'ટોપ-૧૦'માં સ્થાન મેળવે તે માટે સરકાર અને વાલીઓના સામૂહિક પ્રયાસો અનિવાર્ય છે.

અતિથિ વિશેષ સપના વ્યાસે મહિલાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે સ્ત્રીઓએ એકબીજાની દુશ્મન બનવાને બદલે એકબીજાનો હાથ પકડીને આગળ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. સમાજની જૂની માન્યતાઓને તોડીને મહિલાઓએ મજબૂત મિત્રતા કેળવવી જોઈએ, જે આજના માનસિક સ્વાસ્થ્યના યુગમાં અત્યંત અનિવાર્ય છે.

એસોસિયેશનના પ્રમુખ તુષાર ત્રિવેદીએ સંસ્થાના ઉદ્દેશ્ય વિશે વાત કરતા જણાવ્યું હતું કે છેલ્લા ૧૫ વર્ષથી અમે ખેલાડીઓની સિદ્ધિઓને જનતા સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. ખાસ કરીને કોઈ પ્રતિભાશાળી મહિલા ખેલાડી સન્માનથી વંચિત ન રહી જાય તે માટે આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

# ટેસ્ટ ક્રિકેટ રમવાની ઈચ્છા છે : સૂર્યકુમાર

ભારતના ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવ કહે છે કે તે ટેસ્ટ ક્રિકેટ પણ રમવા માંગે છે, તેને વનડે ક્રિકેટ પસંદ નથી, પરંતુ ટી૨૦ તેની તાકાત છે કારણ કે "તેણે તેમાં કુશળતા મેળવી લીધી છે." સૂર્યા ભારતની પ્રભાવશાળી વર્લ્ડ કપ સફળતાથી ખુશ હતો.

તેણે ટેસ્ટ ક્રિકેટ ન રમવાની પોતાની નિરાશા વિશે ખુલ્લીને વાત કરી. સૂર્યાએ યાદ કર્યું કે તેણે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચ રમી હતી. તેણે કહ્યું, "તમારા ભાગ્યમાં જે લખ્યું છે તે તમને મળશે. મેં પણ રેડ-બોલ ક્રિકેટ રમવાનું શરૂ કર્યું અને ૧૦-૧૨ વર્ષ સુધી રણજી ટ્રોફી રમી. મેં મુંબઈમાં ઘણી રેડ-બોલ ક્રિકેટ રમી, પરંતુ ધીમે ધીમે, જ્યારે અમે સફેદ બોલ ક્રિકેટ રમવાનું શરૂ કર્યું, ત્યારે મને તે પસંદ આવ્યું.

તે પછી, મને ઝ૨૦ ફોર્મેટમાં રસ પડ્યો. મેં ઘઉંઈ માં પણ સારું રમવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ તે બહુ કરી શક્યો નહીં. I20 ક્રિકેટ જે રીતે ચાલી રહ્યું છે, તેમાં મારો સારો હાથ છે, એમ કહી શકાય."

જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તેને તક મળે તો તે ટેસ્ટ ક્રિકેટ રમવા માંગશે, ત્યારે સૂર્યાએ જવાબ આપ્યો, "હું ખૂબ ખુશ થઈશ, કારણ કે મેં




૨૦૧૦-૧૧ થી ૨૦૨૦ સુધી ઘણી રેડ-બોલ ક્રિકેટ રમી છે."

કેપ્ટન સૂર્યાએ કહ્યું કે I20 વર્લ્ડ કપ ટીમમાં 'પાવર હિટર' ઈશાન કિશનને પસંદ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે સિક્સ્થ સેન્સ થી લેવામાં આવ્યો હતો, કારણ કે તેમને લાગ્યું કે બિહારના આ બેટ્સમેનમાં 'X ફેક્ટર' છે જે મેચોમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જિતેશ શર્માની જગ્યાએ ઈશાનને પસંદ કરવાનું કારણ શું હતું, ત્યારે તેમણે કહ્યું, "આ સંપૂર્ણ સિક્સ્થ સેન્સ આધારે લેવામાં આવેલો નિર્ણય હતો. તે સમયે જિતેશ માટે તે ખૂબ જ મુશ્કેલ હતું કારણ કે તે એક વર્ષથી વધુ સમયથી ટીમ સાથે હતો. અને તે રમી રહ્યો હતો; જો તે રમી રહ્યો ન હોત, તો વાર્તા અલગ હોત."

# ઈંગ્લેન્ડમાં રમતી ટુર્નામેન્ટ મુદ્દે ભારતમાં કેમ થયો વિવાદ? એસઆરએચ ટીમના માલિકો પર ભડક્યા ગાવસ્કર

ઈંગ્લેન્ડની ફ્રેન્ચાઈઝી લીગ 'ધ હંડ્રેડ' માટે પ્લેયર્સ ઓક્શનમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને ૧.૯૦ લાખ પાઉન્ડ(આશરે ૨.૩૪ કરોડ)માં ખરીદ્યો છે. સનરાઈઝર્સ લીડ્સનો માલિકી હક સન ગ્રુપની પાસે છે. સન ગ્રુપ ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ની ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ(SRH)ની પણ માલિકી ધરાવે છે, તેથી આ નિર્ણયની ભારે ટીકા થઈ રહી છે. અનેક લોકોએ સવાલ ઉઠાવ્યો છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રવર્તમાન તણાવ છતાં આવો નિર્ણય કેમ લેવામાં આવ્યો? આમ, ભારતીયોના લોહીના પૈસાથી પાકિસ્તાની ખેલાડીને ખરીદ્યો છે, ત્યારે SRH ટીમના માલિકો પર પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કર ભડક્યા છે.

ઓક્શન દરમિયાન હાજર સનરાઈઝર્સ ફ્રેન્ચાઈઝીની સીઈઓ કાવ્યા મારન પણ ટીકાકારોના નિશાના પર છે. પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરનું માનવું છે કે, સનરાઈઝર્સ લીડ્સ દ્વારા પાકિસ્તાની સ્પિનરને ખરીદ્યા બાદ જે વિવાદ શરૂ થયો છે તે હેરાન કરનારો નથી.

સુનીલ ગાવસ્કરે જણાવ્યું કે, 'ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા ઘણા વર્ષોની ઘટનાઓને ધ્યાને લેતા, આ પ્રકારની પ્રતિક્રિયા સ્વભાવિક છે.' ગાવસ્કરે યાદ અપાવ્યું કે, વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં હુમલા બાદ પાકિસ્તાની ખેલાડીઓને IPLમાં રમાડવામાં આવ્યા નથી. આ પછી વર્ષ ૨૦૧૯માં પુલવામા હુમલા અને વર્ષ ૨૦૨૫માં પહલગામ એટેક જેવી ઘટનાઓએ ભારતની ભાવનાને વધુ સંવેદનશીલ બનાવી છે.

ગાવસ્કરનું માનવું છે કે, 'જો કોઈ ભારતીય ટીમ પાકિસ્તાની ખેલાડીને પૈસા ચૂકવે છે તો તે પૈસા ટેક્સ સ્વરૂપે પાકિસ્તાન સરકારને પહોંચે છે, જ્યાં તેનો ઉપયોગ હથિયાર ખરીદવા માટે થઈ શકે છે.' બીજા શબ્દોમાં કહીએ તો ગાવસ્કર સ્પષ્ટપણે દાવો કરે છે કે, પાકિસ્તાની ખેલાડીઓને ચૂકવવામાં આવતા પૈસાનો ઉપયોગ ભારતીયોનું લોહી વહેવડાવવા માટે થઈ શકે છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૭ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# યુનિફોર્મ સિવિલ કોડ બીલ વિધાનસભામાં તા.૨૪ માર્ચે રજૂ કરવા સરકારની તૈયારી

## યુસીસી અંગેની કમિટીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ફાઈનલ રિપોર્ટ સુપ્રત કર્યો



ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને આજે ગાંધીનગર ખાતે સોંપ્યો હતો. આ પ્રસંગે યુસીસી કમિટીના તમામ સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**ગાંધીનગર, તા.૧૭**

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને મંગળવારે ગાંધીનગરમાં સોંપ્યો હતો.

આ અહેવાલ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઈને લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો હતો.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ ના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલી આ સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ શ્રી સી.એલ. મીણા, વરિષ્ઠ એડવોકેટ શ્રી આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર શ્રીમતી ગીતા શ્રોફનો સમાવેશ થયેલો છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અહેવાલ અર્પણ કરતાં જે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે.

વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. એટલુ જ નહી ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે.

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) ના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ એ મુખ્યમંત્રીશ્રીને આ અહેવાલના ત્રણ વોલ્યુમ સોંપ્યા તે વેળાએ સમિતિના સલાહકાર નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અને ઉત્તરાખંડના પુર્વ મુખ્ય સચિવશ્રી શત્રુઘ્નસિંઘ તથા સમિતિના સભ્યો, મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડો. વિક્રાંત પાંડે, વૈધાનિક બાબતોના સચિવશ્રી કે એન લાલા, કાયદા સચિવશ્રી ઉપેન્દ્ર ભટ્ટ અને સંબંધીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાળામાં વિદ્યાર્થીઓના હિતમાં જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા દિશા-નિર્દેશ

## સુરતની શાળાઓમાં લીંબુ શરબત-છાશ આપવા સૂચના, આઉટડોર એક્ટિવિટી પર પ્રતિબંધ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

ડાયમંડ સિટી સુરતમાં ઉનાળાની શરૂઆતે જ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. હાલમાં પડી રહેલી ભીષણ ગરમી અને હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત શિક્ષણ વિભાગ અને મહાનગરપાલિકા દ્વારા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે શાળાઓ માટે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે, જેનો તાત્કાલિક અમલ કરવા આદેશ અપાયો છે.

ગરમીના પ્રચંડ પ્રકોપ વચ્ચે વિદ્યાર્થીઓને સીધા સૂર્યપ્રકાશથી બચાવવા માટે સુરત શિક્ષણ વિભાગે મોટો નિર્ણય લીધો છે. શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે સ્પષ્ટતા કરી છે કે હવેથી સુરતની તમામ શાળાઓમાં મેદાન પર થતી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. પીટીના પિરિયડ હોય કે અન્ય કોઈ ઈતર પ્રવૃત્તિ, વિદ્યાર્થીઓને મેદાનમાં લઈ જઈ શકાશે નહીં. જો કોઈ રમતગમત કે એક્ટિવિટી કરવી હોય તો તે ફરજિયાતપણે ઈન્ડોર એટલે કે વર્ગખંડની અંદર જ કરવાની રહેશે જેથી હીટસ્ટ્રોકનું જોખમ ઘટાડી શકાય.

ગરમીમાં પરસેવા અને અકળામણને કારણે વિદ્યાર્થીઓ બીમાર ન પડે તે માટે શાળાઓને યુનિફોર્મ બાબતે લવચીક અભિગમ અપનાવવા જણાવાયું છે. કડક ડ્રેસ કોડના બદલે વિદ્યાર્થીઓ આરામદાયક રહી શકે તેવા કપડાં પહેરે તો તેને પ્રાધાન્ય આપવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત, શાળાઓને પ્રોત્સાહિત કરવામાં આવી છે કે તેઓ રિસેસ કે નાસ્તાના સમયે વિદ્યાર્થીઓને લીંબુ શરબત અથવા છાશ જેવા કુદરતી પીણાં પૂરા પાડે. શરીરમાં પાણીનું

અનુસંધાન પાના ૭ પર

# અમરોલીમાં ભેંસો માટેના ચારાના ઢગલામાં આગ લાગી

## ભેંસના તબેલાના નોકરે ચારામાં આગ ચાંપી દીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં ભેંસોના ચારા માટે રાખેલા સુકા ઘાસના ગઠ્ઠીઓને આગ લગાવવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ ફરીયાદી વિક્રમભાઇ લીલાભાઇ બોખીરીયા (ઉંમર ૩૬), વ્યવસાયે પશુપાલક, હાલ ઘર નં. ૨૬૦૧ મેરવાસ, તાડવાડી છાપરાભાઠા અમરોલી ખાતે રહે છે. તેઓ મૂળ પોરબંદર જિલ્લાના ભાણવડ તાલુકાના વહાતજડિયા ગામના રહેવાસી છે.ફરિયાદ મુજબ ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૨૩:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન અમરોલી વિસ્તારના તાડવાડી મેરવાસ ખાતે તબેલાની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં ઘટના બની હતી. અહીં ભેંસોના ચારા માટે રાખેલા સુકા ઘાસના ગઠ્ઠીઓ રાખવામાં આવ્યા હતા.આ બનાવમાં દાહા ઉર્ફે બાહુબલી યાદવ નામના વ્યક્તિ સામે આરોપ મૂકાયો છે. આરોપી હાલ મહેરવાસ વરીયાવ તાડવાડી વિસ્તારમાં ભેંસના તબેલામાં રહે છે અને મૂળ બિહાર રાજ્યના પટના વિસ્તારનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ હોળીની રજા ઉપર જવા માટે ના પાડવામાં આવતા આરોપીએ મનમાં રીસ રાખી હતી. ત્યારબાદ ફરીયાદીના ઘર નજીક તબેલાની બાજુમાં રાખેલા સુકા ઘાસના ગઠ્ઠીઓમાં કોઈ જ્વલનશીલ વસ્તુ નાખી આગ લગાવી દીધી હતી.આ આગને કારણે અંદાજે રૂ.

અનુસંધાન પાના ૭ પર

# સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં બે દિવસ છૂટો છવાયો વરસાદ પડશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસમાં સુરત સહિત દ.ગુજરાતમાં કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે છુટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમિયાન સુરત શહેરમાં ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો નીચે જવા સાથે ગરમીનું પ્રમાણ ઓછુ રહ્યું હતું જોકે ભેજ વધુ રહેતા થોડો બફારો પણ રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વાતાવરણમાં પલ્ટો આવવા સાથે માવઠાની આગાહી છે ત્યારે ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાં છુટા છવાયા વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

સુરત હવામાન ખાતા પાસેથી મળતી વિગત પ્રમાણે આગામી ૧૯ માર્ચ સુધીમાં સુરત, નવસારી,

અનુસંધાન પાના ૭ પર

# લૂટેરી દુલ્હન પાસોદરાના આધેડ સાથે લગ્ન કરી રૂપિયા પડાવી છૂમંતર

## લગ્ન ખર્ચ પેટે રૂા.૧.૭૦ લાખ લીધા અને એકે રોડના મંદિરમાં કમલેશ સાથે સોનલે લગ્ન પણ કર્યા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતના પાસોદરા વિસ્તારમાં એક વ્યક્તિ સાથે લગ્નના બહાને છેતરપીડી થયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે પીડિત વ્યક્તિએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વિપુલભાઇ વિરજીભાઇ ટીબડીયા (ઉંમર ૪૩), ધંધે હીરા મજૂરી કરી જીવન નિર્વાહ કરતા હોય અને પાસોદરા ગામની શિવશક્તિ સોસાયટીમાં રહે છે. તેઓ મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દલખાણીયા ગામના વતની છે. વિપુલભાઈએ પોલીસમાં નોંધાવેલી ફરીયાદ મુજબ, કમલેશભાઇ રાજાભાઇ કમાણી અને સોનલબેન સંદીપભાઇ ચૌહાણે મળીને તેમની સાથે છેતરપીડી કરી હોવાનું જણાવ્યું છે.

ફરીયાદ મુજબ, કમલેશભાઈએ વિપુલભાઇને વિશ્વાસમાં લઇ સોનલબેન સાથે તેમના લગ્ન કરાવવાની વાત કરી હતી. આ માટે કમલેશભાઈએ લગ્નની તૈયારી અને અન્ય ખર્ચના બહાને વિપુલભાઇ પાસેથી કુલ રૂ. ૧,૭૦,૦૦૦ રૂપિયા લીધા હતા. ત્યારબાદ પાસોદરા વિસ્તારમાં તથા અશ્વિનીકુમાર નજીક આવેલા નીલકંઠ મહાદેવ મંદિર ખાતે વિપુલભાઇ અને સોનલબેનના લગ્ન કરાવવામાં આવ્યા હતા.

લગ્ન પછી થોડા સમય સુધી સોનલબેન વિપુલભાઇ સાથે પત્ની તરીકે રહી હતી. પરંતુ બાદમાં વિપુલભાઇને જાણ થઈ કે સોનલબેન અને કમલેશભાઈએ પૈસાની લાલચમાં આવી તેમની સાથે કાવતરું રચ્યું હતું. વિપુલભાઇના કહેવા મુજબ, સોનલબેનના તેમના સાથે લગ્ન થયેલા હોવા છતાં આરોપીઓએ જસદણ ખાતે રાજેશભાઇ નામના વ્યક્તિ સાથે સોનલબેનના ફરી લગ્ન કરાવી દીધા હતા.

આ ઘટનાની જાણ થતા વિપુલભાઈએ પોલીસનો આશરો લઇ છેતરપીડી અંગે સત્તાવાર ફરીયાદ નોંધાવી હતી. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ તપાસ દરમિયાન વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.